શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું મુખપત્ર

# બેતાલીસ દીપક


**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ**

તમસો મા જ્યોતિર્ગમય

પબ્લીક રજીસ્ટર્ડ ટ્રસ્ટ નંબર : એ / ૭૮, તારીખ :- ૧૬-૦૮-૧૯૮૪

રજી. ઓફિસ : એફ-૨૧૦, પહેલો માળ, રિલીફ શોપીંગ સેન્ટર, વેપારીજીન, કલોલ. (ઉ.ગુ.) જી. ગાંધીનગર - ૩૮૨૭૨૧

મો. ૯૭૨૪૦૮૮૮૭૬, ૭૦૧૬૭૦૬૫૦૭

અંક-૧૪ | ડિસેમ્બર - ૨૦૨૨ | નૂતન વર્ષ અંક | મુખ્ય સંપાદક : અલ્પેશભાઇ ભલાભાઇ | તંત્રી : બિપીનચંદ્ર જીવણલાલ





-: બિપીનચંદ્ર :-
તંત્રીશ્રી



-: અલ્પેશભાઇ :-
મુખ્ય સંપાદકશ્રી



-: વિજયભાઇ :-
સંપાદકશ્રી



-: ગોવિંદભાઇ :-
સંપાદકશ્રી



-: મુકેશભાઇ :-
સંપાદકશ્રી



-: જીતેન્દ્રભાઇ :-
સંપાદકશ્રી



-: દિપકભાઇ :-
સંપાદકશ્રી



-: જયેશભાઇ :-
સંપાદકશ્રી



-: જીતેન્દ્રભાઇ :-
સંપાદકશ્રી



-: દિલીપભાઇ :-
સંપાદકશ્રી


## નવા વર્ષ-૨૦૨૨ ની શુભકામનાઓ

દીપોત્સવ અને નુતન વર્ષ ૨૦૭૯ ના પાવન પ્રસંગ નિમિત્તે સમસ્ત જ્ઞાતિજનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવે છે.

કેળવણી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ દીપોત્સવી અંક "બેતાલીસ દીપક અંક – ૧૪" આપ સૌના કર કમલમાં મુક્તા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ.

કેળવણી મંડળ દ્વારા કેળવણી મંડળની પોતાની ઓફીસ લેવાના નિર્ણયને સમાજના સભ્યોએ જે પ્રતિસાદ આપ્યો તેવો સાથ અને સહકાર આ વર્ષે પણ આપના દ્વારા મળી રહેશે તેવી આશા અત્રે વ્યક્ત કરવામાં આવે છે. સમાજના તમામ પરિવાર અને તેના સદસ્યો આગામી નુતન વર્ષમાં સારું સ્વાસ્થ્ય અને નાણાકીય સદ્ધરતા મેળવે તેવી ભાવના કેળવણી મંડળ વતી અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

## બેતાલીસ દીપક અંક-૧૪ના પુરસ્કર્તા

શ્રી મહેન્દ્રભાઇ દિનેશભાઇ દરજી પરિવાર - છત્રાલ



વૈશ્વિક મંદીની હાલની વિકટ આર્થિક પરિસ્થિતિમાં પણ સમાજ સેવામાં પોતાનું યોગદાન આપનાર પરિવારોને કેળવણી મંડળ વંદન કરે છે. આપણા સમાજના તમામ નાગરિકો સમાજ પ્રત્યેની પોતાની ફરજોથી સભાન છે અને સમાજનું કોઇપણ કામ હોય હંમેશા સમાજના વ્યક્તિની મદદ મળતી જ રહે છે. આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ વિવિધતાથી ભરપુર છે. સમાજના ઘણા સભ્ય એવા છે કે જે કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સમાજલક્ષી પ્રવુતિઓને બિરદાવે છે, આપણા સમાજના મૂળ ગામ છત્રાલના માનનીય વડીલ સ્વ. દિનેશભાઇ લાલભાઇ દરજી પરિવારના સમાજ સેવા ને વરેલ તેમના પુત્ર એવા શ્રી મહેન્દ્રભાઇ દિનેશભાઇ દરજી અને તેમના પરિવારના અન્ય સભ્યો પોતાના વડીલોના સમાજ સેવાના વારસાને પોતાની જવાબદારી સમજીને ખુબજ સુંદર રીતે નિભાવી રહેલ છે. શ્રી મહેન્દ્રભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી જયોતિકાબેન છત્રાલ ગામને પોતાની કર્મભૂમિ બનાવીને રહે છે, તેઓએ પોતાના જીવનમાં ઘણા બધા સંઘર્ષોનો સામનો કરીને પોતાના પરિવારને આપણા સમાજમાં એક પ્રતિષ્ઠિત પરિવાર તરીકે નામના અપાવેલ છે. તેમણે પોતાના સંતાનોમાં આધ્યાત્મિક અને સામાજિક સંસ્કારોનું સિંચન કરેલ છે. તેમના સુપુત્ર ભાઇશ્રી કરણભાઇ ઉચ્ચ અભ્યાસ અર્થે હાલ અમેરિકા મુકામે નિવાસ કરી રહેલ છે. શ્રી મહેન્દ્રભાઈનો બીજો સુપુત્ર શ્રી જૈનીમ પણ અભ્યાસ ક્ષેત્રે ખુબ હોંશિયાર છે. શ્રી મહેન્દ્રભાઇના માતાશ્રી ગં.સ્વ. કોકીલાબેન એક મોભી તરીકે સમસ્ત પરિવારને માર્ગદર્શન આપતા રહે છે. આપણા સમાજના મુખ પત્રક એવા બેતાલીસ દીપકના આ ૧૪મા અંકમાં શ્રી મહેન્દ્રભાઇ દ્વારા પોતાના પિતા શ્રી સ્વ. દિનેશભાઇ અને માતા ગં.સ્વ. કોકીલાબેનના સૌજન્યથી રૂ. ૨૧,૦૦૦/– નું દાન આપવામાં આવેલ છે. સમાજના મુખપત્ર એવા "બેતાલીસ દીપક અંક – ૧૪" ના પુરસ્કર્તા થવા બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ફરીથી શ્રી મહેન્દ્રભાઇ અને શ્રીમતી જયોતિકાબેનનો અંત:કરણપૂર્વક આભાર માને છે.

## સ્વ. જીવણલાલ છગનલાલ દરજી પરિવાર (મેર્ડા આદરજ) તરફથી બેતાલીસ દિપક નિમીત્તે હાર્દિક શુભેચ્છાઓ...









સ્વ. જીવણલાલ છગનદાસ દરજી
સ્વ. તા. : ૦૯-૧૧-૨૦૨૦

સ્વ. શારદાબેન જીવણલાલ દરજી
સ્વ. તા. : ૨૭-૧૨-૨૦૧૧

શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી
અ.સૌ. ઉષાબેન બિપીનચંદ્ર દરજી





શ્રી ધવલ બિપીનચંદ્ર દરજી
અ.સૌ. ડિમ્પલ ધવલ દરજી
જૈનિકા, ભાગ્ય, પ્રશીવ

શ્રી મેહુલ બિપીનચંદ્ર દરજી
અ.સૌ. નિધિ મેહુલ દરજી
જૈમિત, જૈનિત

### SHREE ENTERPRISE

**Authorised Distributors :**
**VECTUS Water Tanks & Pipes**




**Bipinchandra J. Darji**
M. : 97240 88876, 70167 06507

**: Office/Stockyard :**
Divine Child Circle,
B/h Naklang Mahadev,
S.P. Ring Road, Zundal,
Ahmedabad - 382424
E-mail : shree.vectus@gmail.com
Website : www.shreeorg.com



### RTC RAJESHREE

**TOURS CONSULTANT PVT. LTD.**
**Dhaval Darji** (Director)
**Mob.: 9974988773, 7016105283**

**Group Tours, Air Tickets, Hotel Booking, Visa Application, Passport Application**

**: Branch Office :**
G-4, Silver Plaza, Navjivan Mill Compound, Kalol, Gandhinagar - 382721.
Ph. (Off.) : 02764 - 223453,
02764 - 251453
E-mail : rajeshreetours@gmail.com
www.rajeshreetours.com
**Head Office :** 415, Sharan Circle,
At. Zundal Circle, SP Ring Road, Zundal
Ahmedabad
Follow us on :

### ZEMDY Pharma

Striving For Your Well Being

**Dhaval Darji** (Managing Director)
**Mehul Darji** (Managing Director)

**ZEMDY PHARMA PRIVATE LIMITED**
Plot No.: 56,
Dharti Apollo Industrial Park,
Chhatral-Kadi Road, Chhatral,
Ta. Kalol, Dist. Gandhinagar-382729,
Gujarat, India.
E-mail : info@zemdypharma.com
www.zemdypharma.com

**રહેઠાણ : ૧૦૨, હવેલી એપાર્ટમેન્ટ, વર્ધમાનનગર, સરદાર બાગ પાસે, કલોલ. મો. ૯૭૨૪૦૮૮૮૭૬**



**પ્રમુખશ્રીનું નિવેદન**

**વ્હાલા જ્ઞાતિજનો સાદર પ્રણામ,**

સર્વ પ્રથમ તો હું મારા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો અને હોદ્દેદારશ્રીઓ તરફથી આપ સૌને નુતન વર્ષના અભિનંદન આપું છું અને ગત વર્ષની જેમ આપણો સમાજ હંમેશા પ્રગતિના પથ પર અગ્રેસર રહે તેવી પ્રભુને પ્રાર્થના કરું છું. આપ સૌ જાણો છો તેમ કેળવણી મંડળ દ્વારા આ વર્ષે ઘણા કાર્યો હાથ ધરવામાં આવેલ. તે પૈકીના બે કાર્યો કેળવણી મંડળની ઓફીસ ખરીદવાની અને આપણા સમાજમાં મૃત્યુ સહાય યોજના ચાલુ કરવાની ખુબ કપરી કામગીરી કેળવણી મંડળના સદસ્યો દ્વારા પૂરી કરવામાં આવી જે આપણા સૌ માટે ગર્વની વાત છે. કેળવણી મંડળને જયારે પણ કોઈ મીટીંગ કરવી હોય તો કોઈના ઘરે અથવા ઓફિસે બેસીને મીટીંગ કરવી પડતી હતી જેથી કરીને મંડળની એક ઓફીસ હોવી જોઈએ તેવી સભ્યોની લાગણીને લઈને કલોલ મુકામે એક ભવ્ય ઓફીસ ખરીદવામાં આવી. અમોને જણાવતા આનંદ થાય છે કે આ ઓફીસ ખરીદવા કેળવણી મંડળને પોતાની મૂડીમાંથી એક રૂપિયો પણ ખર્ચવો પડ્યો નથી. આ ઓફીસ ખરીદવા સમાજના દાનવીરો તરફથી તમામ ભંડોળ દાનભેટ દ્વારા આપવામાં આવ્યું.

કોરોના કાળની કપરી પરિસ્થિતિમાં અમોએ જોયું કે સમાજના અનેક પરિવારોમાં પરિવારના મોભીનું અવસાન થવાના કારણે તેમની સુતક ક્રિયાઓથી લઈને ઘર ચલાવવા સુદ્ધાની તકલીફો પડી છે. આ તકલીફોનું નિવારણ કરવા આપણે આપણા સમાજમાં **"મૃત્યુ સહાય યોજના"** ચાલુ કરવામાં આવી. કેળવણી મંડળ દ્વારા સમાજના તમામ વર્ગને અપીલ કરવામાં આવી કે પોતાના માટે નહિ તો આપણા સમાજના અન્ય મજુરી કરીને ગુજરાન ચલાવતા પરિવારના ફાયદા માટે આ યોજનામાં અવશ્ય જોડાય. અમોને ગર્વ છે આપણા સમાજ ઉપર કે આ યોજનાને સમાજના બહુધા સભ્યોએ આવકારી અને હાલ આ યોજનામાં ૪૦૦ ઉપરાંત સભ્યો છે.

હું કેળવણી મંડળના મારા તમામ સાથીદારોનો વિશેષ આભાર માનું છું જેમણે આપણા સમાજનો પરિચય આપતું સમાજ દર્શન તૈયાર કરવામાં દિવસ -રાત મહેનત કરીને તેને પૂર્ણતાના આરે પહોચાડેલ છે. મને મારા જ્ઞાતિજનોને એ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી લાગતી કે હાલના કેળવણી મંડળના તમામ સદસ્યો યુવાન અને ઉત્સાહી છે. તેમજ સમાજ માટે પોતાના તન મન અને ધનથી નિઃસ્વાર્થ સેવા કરવાનો ભેખ ધારણ કર્યો છે.

આદરણીય જ્ઞાતિ બંધુઓ આપણા ગૌરવવંતા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના કેળવણી મંડળને ખુબજ આગળ લઈ જવાની મારી તેમજ મારા હાલના તમામ સાથીદારોની તીવ્ર તમન્ના છે, સમાજને ઉપયોગી દરેક કાર્યો અમે પુરા ખંતથી કરીશું તેની અમે બાંહેધરી આપીએ છીએ. મને આશા છે કે આપ સર્વે તરફથી સંપૂર્ણ સહકાર મળી રહેશે. અજાણતામાં કંઈક ભૂલ થાય, ક્ષતિ અનુભવાય અથવા તો અન્યાય થાય તો ક્ષમ્ય ગણશો.

ફરીથી હું આ વર્ષે દાન ભેટ આપનાર તમામ દાતાશ્રીઓ, કેલેન્ડર ભેટના દાતાશ્રી, ઓફીસ દાન ભેટના દાતાશ્રીઓ, નોટબુકમાં આજીવન સભ્ય થનાર અને જાહેરાત આપનાર તમામ દાતાશ્રીઓ, સમાજ દર્શન માટે દાન આપનાર દાતાશ્રીઓ તેમજ અન્ય દાન આપનાર સર્વે જ્ઞાતિજનોનો ખૂબ આભાર માનું છું અને ભવિષ્યમાં પણ આપ સૌ તરફથી આવોજ સાથ અને સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું.

અંતમાં, આપના થકી અમારી કામગીરીને લક્ષી ને કોઈપણ સૂચનો હોય તો તે અમોને અવશ્ય જણાવજો. દરેક સૂચનોની સમીક્ષા કરી તે બાબતે ઘટતું કરવાની હું ખાતરી આપુ છું.

**બિપીનચંદ્ર જીવણલાલ દરજી – કલોલ**

**પ્રમુખ – શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ**

**સંપાદક ની કલમે........**



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના વ્હાલા જ્ઞાતિજનો, આજ આપ સૌના આશીર્વાદથી તૈયાર કરેલ આપણા સમાજના મુખપત્ર સમાન "બેતાલીસ દીપક" નો દીપોત્સવી અંક-૧૪, નવેમ્બર -૨૦૨૨ પ્રકાશિત કરતા અમો આનંદ અનુભવીએ છીએ. "બેતાલીસ દીપક" નો દીપોત્સવી અંક-૧૪, નવેમ્બર -૨૦૨૨ ને અમોએ કેળવણી મંડળ પાસે જેટલી માહિતી હતી તે તમામ માહિતી અને છેલ્લા વર્ષમાં આપણા સમાજમાં ઘટેલ ઘટનાઓને શબ્દોમાં આલેખીને આપ સૌ સમક્ષ રજુ કરેલ છે.

આ અંકમાં આપમાંથી કોઈને કોઈપણ જાતની ખામી અથવા ભૂલ લાગે તો અમોને જણાવવા નમ્ર અરજ છે. અમો ભવિષ્યમાં તે ખામી સુધારી લઈશું. સમાજના શિક્ષિત વર્ગને નમ્ર વિનંતી કે બેતાલીસ દીપકના આ અંકના આપના પ્રતિભાવો અમોને અવશ્ય મોકલો જેથી કરીને ભવિષ્યમાં અમો આપના પ્રતિભાવો થકી આપણા સમાજના આ મુખપત્રને સુદ્રઢ બનાવવાના સનિષ્ઠ પ્રયાસો કરીશું. સમાજના દરેક વ્યક્તિને નમ્ર વિનંતી કે આપના ઘર, પરિવાર કે ગામમાં બનતી દરેક ઘટના જેવી કે જન્મ, મરણ, ધાર્મિક પ્રસંગ, લગ્ન પ્રસંગ જેવી દરેક માહિતી કેળવણી મંડળને આપે જેથી અમો તે માહિતીને આપણા આ મુખપત્ર થકી સમસ્ત સમાજની જાણકારીમાં લાવી શકીએ.

કેળવણી મંડળના હોદ્દેદાર તરીકે હું કેળવણી મંડળ દ્વારા ઓફીસ ખરીદવા અને સમાજ દર્શનમાં જાહેરાત ભેટની ટહેલને સમાજના દાનવીર સભ્યો તરફથી જે પ્રતિસાદ મળ્યો તે સરાહનીય છે. અત્રે કેળવણી મડળના સદસ્ય તરીકે હું ગર્વથી કહું છુ કે દરજી જ્ઞાતિના તમામ ગોળમાં આપણો સમાજ સર્વશ્રેષ્ઠ છે. હાલની કેળવણી મંડળના તમામ સભ્યો સમાજ માટે કઈપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે. જે આપ સૌ અનુભવી શકતા હશો. કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓમાં સમાજના તમામ સદસ્યોથી પુરતો સાથ-સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું.

અંતમાં, બેતાલીસ દીપકના આ અંકનું આટલી સુંદરતાથી વ્યવસ્થિત રીતે દરેક માહિતીનું સંકલન કરીને ભવ્ય અને ગુણવત્તાસભર બનાવવા બદલ કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદાર એવા માનનીય શ્રી ખોડીદાસ નારણદાસ દરજી કલોલ વાળાના સુપુત્ર વિપુલભાઈનો ખુબ ખુબ આભાર. તેઓશ્રી કલોલ મુકામે પોતાની મુદ્રણ કાર્યને લગતી "શ્રી બાલાજી પ્રિન્ટર્સ" નામની ઓફીસ ધરાવે છે. અને આ આપણા સમાજનું કાર્ય છે તેમ જાણીને દિવસ રાત મહેનત કરીને આટલો સુંદર અંક તૈયાર કરી આપેલ છે. ધન્યવાદ ભાઈશ્રી વિપુલ ખોડીદાસ......

**આપનો વિશ્વાશું .....**

**અલ્પેશ ભલાભાઈ દરજી – કલોલ.**

## વર્ષ ૨૦૨૨ માં ધોરણ-૧૨ની પરીક્ષા આપનાર સમાજના વિદ્યાર્થીઓને કેળવણી મંડળ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી

| | | |
|---|---|---|
| ૧. | કુંજ વિપુલકુમાર દરજી | નારણપુરા |
| ૨. | ધ્રુમિલ કૌશિકભાઇ દરજી | સરસપુર |
| ૩. | મોસમ રિતેષકુમાર દરજી | ચાંદખેડા |
| ૪. | મન વિનોદભાઇ દરજી | કલોલ |
| ૫. | ઓમ નરેન્દ્રભાઇ દરજી | કુડાસણ |
| ૬. | નિત્યા કલ્પેશભાઇ દરજી | વાવોલ |
| ૭. | દિયા અમીતભાઇ દરજી | રાંધેજા |
| ૮. | સાહિલ રાકેશકુમાર દરજી | ગોતા |
| ૯. | ધરતી જયેશભાઇ દરજી | નરોડા |
| ૧૦. | યશ કમલેશભાઇ દરજી | બોપલ |
| ૧૧. | પ્રથમ ભાવેશકુમાર દરજી | સોલા ગામ |
| ૧૨. | જેન્સી હર્ષદભાઇ દરજી | ગાંધીનગર |
| ૧૩. | દિયા મુકેશભાઇ દરજી | હાંસોલ |
| ૧૪. | પ્રીત સુનિલભાઇ દરજી | ઝુલાસણ |

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ - ગાંધીનગર**
**પબ્લીક રજીસ્ટર્ડ ટ્રસ્ટ નંબર : એ / ૭૮, તારીખ :- ૧૬-૦૮-૧૯૮૪**
રજી. ઓફિસ : બી/૯૭, સિધ્ધેશ્વરી હોમ્સ, ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલ, સામે, રાંધેજા, ગાંધીનગર-૩૮૨૬૨૦
કાર્યાલય : એસ-૯, સિલ્વર પ્લાઝા, નવજીવન મીલ કમ્પાઉન્ડ, કલોલ-૩૮૨૭૨૧
મો. ૯૭૨૪૦૮૮૮૭૯, ૭૦૧૬૭૦૬૫૦૭

તમસો મા જ્યોતિર્ગમય

:: શુભેચ્છા પત્ર ::

તા. ૧૦-૦૩-૨૦૨૨

પ્રતિ,
ટેલર ધ્રુમી સચીનભાઇ
મુ. ઠાસરા




સ્નેહી શ્રી ,

આપ જ્યારે આપના જીવનના મહત્વનાં તબક્કામાં આપના જીવનની તેમજ આપની અપેક્ષાઓની કેડી કંડારવા માટેની ધોરણ ૧૦ની બોર્ડની પરિક્ષા આપવા માટે જઇ રહ્યા છો. તો આપણા સમાજના કેળવણી મંડળના તમામ સદસ્યો તેમજ સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ આપને આ પરિક્ષા માટે ખુબ ખુબ શુભકામનોઓ પાઠવે છે.....

આપ આ મહત્વની પરિક્ષામાં ખુબ સારો દેખાવ કરો અને આપના માતા-પિતાના આપના ભવિષ્ય માટેના જે સપના છે તે પૂર્ણ કરવામાં સફળ થાઓ તેવા આશિર્વાદ.....

**To accomplish great things, We must not only act, But also dream,**
**Not only plan but also believe,**
**Best wishes for your exam.**

**એજ શુભકામનાઓ સહ...**
**આપના હિતેચ્છુ...**

| | | |
|---|---|---|
| દરજી અલ્પેશભાઈ ભલાભાઈ (કાર્યકારી પ્રમુખ) | દરજી જયેશભાઈ ગિરીશભાઈ (કાર્યકારી પ્રમુખ) | દરજી જીતેન્દ્રભાઈ માણેકલાલ (કાર્યકારી પ્રમુખ) |
| દરજી દિપકભાઇ કનુભાઇ (કાર્યકારી પ્રમુખ) | દરજી મુકેશભાઇ ચીનુભાઇ (સહ મહામંત્રી) | દરજી જીતેન્દ્રભાઇ મનુભાઇ (ખજાનચી) |
| દરજી વિજયભાઇ ખોડીદાસ (મહામંત્રી) | દરજી ગોવિંદભાઇ ચંદુભાઇ (મુખ્ય કાર્યકારી પ્રમુખ) | દરજી બિપીનચંદ્ર જીવણલાલ (પ્રમુખશ્રી-કેળવણી મંડળ) |

શ્રી.બે.ગો.દ.કેળવણી મંડળના તમામ હોદ્દેદારશ્રીઓ તેમજ કારોબારી સભ્યશ્રીઓ વતી, સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ

**"વ્યક્તિના કર્મો જ તેની સાચી ઓળખાણ હોય છે, બાકી એક નામના હજારો લોકો હોય છે આ દુનિયા માં"**

## વર્ષ ૨૦૨૨ માં ધોરણ-૧૦ની પરીક્ષા આપનાર સમાજના વિદ્યાર્થીઓને કેળવણી મંડળ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી

| | | |
|---|---|---|
| ૧. | નેહા તુષારકુમાર દરજી | ચાંદખેડા |
| ૨. | ત્વિષા મયુરકુમાર દરજી | ન્યુ રાણીપ |
| ૩. | યશ રઘુભાઇ દરજી | કરણનગર |
| ૪. | હેત્વી કલ્પેશભાઇ દરજી | વાવોલ |
| ૫. | વંશ દિપકભાઇ દરજી | ગાંધીનગર |
| ૬. | ખુશ દેવેન્દ્રભાઇ દરજી | ગાંધીનગર |
| ૭. | વિશ્વા રજનીકાંત દરજી | નરોડા |
| ૮. | ક્રિશ્ના વિનોદભાઇ દરજી | ઓગણજ |
| ૯. | ધ્રુમી સચિનભાઇ દરજી | ઠાસરા |
| ૧૦. | યુગ હેમલકુમાર દરજી | રાણીપ |
| ૧૧. | સુજલ અશોકભાઇ દરજી | ઘાટલોડીયા |
| ૧૨. | રુદ્ર રોહિતભાઇ દરજી | ઘાટલોડીયા |
| ૧૩. | ટીશા ભરતભાઇ દરજી | કલોલ |
| ૧૪. | જીમ્મી દિપકભાઇ દરજી | ઘાટલોડીયા |
| ૧૫. | નેન્સી પ્રમોદભાઇ દરજી | મેર્ડા આદરજ |
| ૧૬. | કેવલ અતુલભાઇ દરજી | નરોડા |
| ૧૭. | હર્ષ કેતનભાઇ દરજી | સુઘડ ગામ |
| ૧૮. | રિયા મિતેષભાઇ દરજી | નવા વાડજ |
| ૧૯. | ખુશી રાકેશકુમાર દરજી | કલોલ |
| ૨૦. | દિક્ષીતા સતીષભાઇ દરજી | દહેગામ |
| ૨૧. | તનીષ મહેશભાઇ દરજી | ગાંધીનગર |
| ૨૨. | તનીષા મહેશભાઇ દરજી | ગાંધીનગર |
| ૨૩. | ધ્રુવીલ મહેશભાઇ દરજી | ગાંધીનગર |
| ૨૪. | દિયા બ્રિજેશકુમાર દરજી | બોટાદ |
| ૨૫. | વિશ્વા અમરીશકુમાર દરજી | ન્યૂ રાણીપ |
| ૨૬. | દેવાંશ પ્રજ્ઞેશભાઇ દરજી | ન્યૂ રાણીપ |
| ૨૭. | ઓમ્ તારકકુમાર ટેલર | નવરંગપુરા |
| ૨૮. | મિહીર શૈલેષભાઇ દરજી | તળાજા |

કેળવણી મંડળ દ્વારા આ વર્ષે પણ પરિક્ષા આપનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા માટે નવિનત્તમ અભિગમ અપનાવ્યો. આ વર્ષે મંડળના ઉત્સાહી સભ્યોએ દરેક વિદ્યાર્થીઓના ઘરે રૂબરૂ મુલાકાત લઈને શુભેચ્છા પાઠવી. કેળવણી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ નામજોગ શુભેચ્છા પત્રની સાથે પ્રસાદ તરીકે વિદ્યાનું પ્રતિક જેવું મોરપીંછ, એક સુંદર બોલપેન, ચોકલેટ અને શુકનના રૂપિયા ૨૧/-નું કવર તૈયાર કરીને દરેક વિદ્યાર્થીને રૂબરૂ પહોંચાડવામાં આવેલ હતું. કેળવણી મંડળના આ પગલાને સમાજના ઘણા બધા સભ્યો દ્વારા વખાણવામાં આવ્યું. અને કેળવણી મંડળના હોદ્દેદારોને ફોન કરીને આભાર વ્યકત કરવામાં આવ્યો.

**આપણો સમાજ પ્રગતિ ના પંથે**
**મૂળ ગામ જાસપુરના અને હાલ કલોલ મુકામે રહેતા**
**શ્રી રાકેશભાઈ બાબુભાઈ દરજીની લાડકી દીકરીએ ઉચ્ચ**
**અભ્યાસાર્થે અમેરિકા પ્રયાણ કર્યું**





**"ન હિજ્ઞાનેત સદ્દ્રુશં પવિત્રમિહ વિદ્યતે**
**તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિંદતિ"**

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે જ્યાં જ્ઞાનથી અધિક પવિત્ર આ સંસારમાં બીજું કશુજ નથી. યોગમાં સિદ્ધ થયેલ વ્યક્તિ જ જ્ઞાન ને પ્રાપ્ત કરી શકે છે. ભારતીય નારી સાચા અર્થમાં નારાયણી અને પુરુષ સમોવડી બને એમાં એની એકલીનું જ નહિ પણ તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ થાય છે. આજે આપણે વાત કરીએ છીએ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ જાસપુરના અને હાલ કલોલ નિવાસી અને સ્વભાવે સરળ અને ખુબ મહેનતુ એવા ભાઈશ્રી રાકેશભાઈ બાબુલાલ દરજી અને શ્રીમતી અંજનાબેન રાકેશભાઈ દરજી ની લાડકી દીકરી કુ. વિશ્વાની.

કુ.વિશ્વાને આજે શુભેચ્છા આપીને એમના પરિવારના સંઘર્ષ વિષે જાણીશું. ભાઈશ્રી રાકેશભાઈના પિતા સ્વ. બાબુલાલ શકરચંદ દરજી પોતાની પત્ની, બે દીકરી અને એક દીકરાના પરિવારને છોડીને ખુબ નાની ઉંમર માં ઈ.સ.૧૯૮૭ માં સ્વર્ગલોક સિધાવ્યા. પરંતુ નીડર અને મહેનતુ એવા ગં.સ્વ. મંજુલાબેને પોતાના પરિવારને સાચવી લીધો. તેમણે પોતાના ત્રણેય સંતાનોને ભણાવી ગણાવી તેમના વિવાહ કરાવ્યા. તેમનો દીકરો રાકેશભાઈ પણ પોતાની માતાની જેમ ખુબજ મહેનતુ અને પરિપક્વ છે અને પોતાની માતાની જેમ નાની ઉંમરે જ આખા પરિવારની જવાબદારી પોતાના શિરે લઈ લીધી. શ્રી રાકેશભાઈ અને અંજનાબેનને બે દીકરીઓ વિશ્વા અને ખુશી તેમજ એક દીકરો ચિ. શ્લોક છે. શ્રી રાકેશભાઈ અત્યારે ખુબ જ મહેનત કરી રહ્યા છે અને પરમકૃપાળુ ભગવાન તેમને તેમની આ મહેનત નું ફળ આપી રહેલ છે.

હવે આપણે વાત કરીશું કુ. વિશ્વાની. કુ.વિશ્વાનો જન્મ તા.૧૪/૧૦/૨૦૦૩ ના રોજ કલોલ મુકામે થયેલ અને હાલ પોતાનું ખીલખીલાટ કરતું બાળપણ કલોલ મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઈક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતી ગઈ. સૌ પ્રથમ ધોરણ દશની પરીક્ષા વર્ષ ૨૦૧૯ માં આપી અને તેમાં ૮૩% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૨૧ માં ધોરણ બાર ની પરીક્ષા પણ ૮૫% ગુણ સાથે પાસ કરી. અને છેલ્લે તા. ૧૧/૧૨/૨૦૨૧ ના રોજ ILETS ની પરીક્ષા ૫.૫ બેન્ડ સાથે પાસ કરી. આટલી ઝળહળતી કારકિર્દી ધરાવનાર સમાજની આ દીકરીને ભાઈશ્રી રાકેશભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી અંજનાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

હાલના જમાનામાં પણ સમાજની એક કરુણતા છે કે સમાજના માણસો હંમેશા ટકોર કરતા રહેશે કે દીકરીને બહુ ભણાવાય નહિ અને દીકરી પાછળ ખોટા ખર્ચા કરાય નહિ. છતાં પણ શ્રી રાકેશભાઈ અને શ્રીમતી અંજનાબેને હિંમત હાર્યા વિના પોતાની લાડકી દીકરીને દીકરાની સમકક્ષ ગણીને તેને ઉડવાનું આકાશ પૂરું પડ્યું. ILETS માં મેળવેલ સારા બેન્ડના હિસાબે કુ. વિશ્વાએ ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને અમેરિકાના જોન્સબેરોમાં આવેલ પ્રસિદ્ધ અરકનસાર સ્ટેટ યુનિવર્સીટી માં બી.એસ.સી. નર્સિંગના ચાર વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે અમેરિકા સરકાર દ્વારા તેમને ચાર વર્ષના સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા.

શ્રી રાકેશભાઈ અને શ્રીમતી અંજનાબેન દ્વારા પોતાની દીકરીના આ નિર્ણય માન્ય રાખીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પડી છે તેમની એ સમજણને સલામ છે. તેઓશ્રીએ સમાજના અન્ય દીકરીઓના માતાપિતાને પ્રેરણારૂપ બને તેવી હિંમત દાખવી છે જે અભિનંદન ને પાત્ર છે.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી હોદ્દેદારોએ રૂબરૂ મુલાકાત લઈને કુ.વિશ્વાને અભિનંદન આપેલ અને તા.૧૩.૦૮.૨૦૨૨ ની તેમની અમેરિકાની યાત્રા નિર્વિઘ્ન રહે અને ભવિષ્યમાં તે જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ કેળવણી મંડળ દ્વારા આપવામાં આવેલ. આ શુભ પ્રસંગે શ્રી રાકેશભાઈ બાબુભાઈ દરજી અને શ્રીમતી અંજનાબેન રાકેશભાઈ દરજી તરફથી કેળવણી મંડળને રૂ.૧૧૦૦/- દાનભેટ આપવામાં આવેલ તે બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

**રાંધેજાના આદરણીય વ્યક્તિ**
**શ્રી કૃષ્ણકાંત નટવરલાલ દરજી દ્વારા પોતાના સપનાનું**
**આધુનિક ઘર વસાવીને ધાર્મિક વિધિથી ગૃહપ્રવેશ કર્યો**






આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ રાંધેજાના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા શ્રી કૃષ્ણકાંત નટવરલાલ દરજી પરિવાર સમાજને લગતા પોતાના સેવાભાવી કાર્યોથી સમાજમાં જાણીતા છે. એમનો પરિચય આપીએ તો પોતે એક લેકચરર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે તેમના ધર્મપત્ની શ્રીમતી ભગવતીબેન પણ સ્કુલમાં શિક્ષક તરીકે પોતાની ફરજ બજાવી રહેલ છે. બંને પતિ-પત્ની સેવાના દરેક કાર્યમાં અગ્રેસર રહે છે. હાલમાં જ તેઓએ પોતાના પરિવારના સપના સમાન એક અત્યાધુનિક ૨૦૦ વારનો પ્લોટ એરિયા, ૨૬૦૦ ચોરસ ફૂટ નું બાંધકામ, ૬ બેડરૂમ, ૨ હોલ અને ૪ બાલ્કનીવાળું મકાન ગાંધીનગર ન્યુ ગ્રીન સીટી, ડી માર્ટ મોલની પાછળ સેક્ટર-૨૬ મુકામે વસાવેલ છે. તા. ૦૧.૦૭.૨૦૨૨ અષાઢી બીજના પવિત્ર દિવસે સમગ્ર પરિવાર અને સ્નેહીજનોની હાજરીમાં ધામધૂમથી સત્યનારાયણની કથા કહેવડાવીને ગૃહ પ્રવેશ કરેલ છે.

કેળવણી મંડળ શ્રી કૃષ્ણકાંત નટવરલાલ દરજી અને સમસ્ત પરિવારને અભિનંદન આપે છે અને હજુ પણ ભવિષ્યમાં તેઓ પ્રગતિના સોપાનો સર કરે તેવી ભાવના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**સમાજના વધુ એક વિદ્યાર્થીએ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ પ્રયાણ કર્યું. મૂળ ગામ માથાસુરના અને હાલ રાણીપ મુકામે રહેતા શ્રી રાજેશભાઈ મણીલાલ દરજીના સુપુત્ર ચિ. સ્મિત કોમ્પ્યુટર નેટવર્કિંગના અભ્યાસ અર્થે કેનેડા મુકામે સ્થાયી થયા**



अन्नदानं परं दानं वदया दानम् अतः परम्।

अन्नेन क्षषर्का तृषतः यावज्जीवज्जषवदयया ॥

આ સંસ્કૃત શ્લોક નો અર્થ એ છે કે અન્નદાન કે ધનદાન કરવું એ મોટી વાત છે પણ વિદ્યાદાન કરવું તે તેનાથી પણ મોટી વાત છે. અન્ય દાન થી થોડી વખત તૃપ્તિ અનુભવાય છે પણ વિદ્યાદાન વડે આજીવન તૃપ્તિ અનુભવાય છે. આજે આપણે વાત કરીએ છીએ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ માથાસુરના અને હાલ રાણીપ નિવાસી અને સમાજ સેવામાં હંમેશા અગ્રેસર એવા ભાઈશ્રી રાજેશભાઈ મણીલાલ દરજી અને શ્રીમતી મનીષાબેન રાજેશભાઈ દરજીના લાડકા દીકરા ચિ. સ્મિત ની.

સમાજ શ્રેષ્ઠી એવા સ્વ.મણીલાલ ઉમેદરામના પરિવારના સભ્યને શુભેચ્છા આપતા સ્વ. મણીલાલ પરિવારની સમાજસેવા અને સમાજના લોકો પ્રત્યેનું તેમનું જે યોગદાન છે તે યાદ નહિ કરીએ તો અશોભનીય લાગશે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં સ્વ. મણીલાલ ઉમેદરામ પરિવારનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. સ્વ. મણીલાલનો સમાજસેવાનો વારસો હાલ પણ તેમના ત્રણે પુત્રો શ્રી રાજેશભાઈ, શ્રી જયંતીભાઈ અને શ્રી શૈલેષભાઈએ જાળવી રાખ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઈ પણ કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જયારે પણ દાનની ટહેલ નાંખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોય જ. ચિ. સ્મિત વિષે વાત કરતા પહેલા અમો આ પરિવાર નો ખાસ આભાર માનીએ છીએ.

શ્રી રાજેશભાઈ મણીલાલ અને શ્રીમતી મનીષાબેન રાજેશભાઈ ને ચિ. સ્મિત અને કુ. અંકિતા એમ બે સંતાન છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમની દીકરી અંકિતા પણ ગત વર્ષે તા. ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ ઉચ્ચ અભ્યાસ અર્થે કેનેડા મુકામે ગયેલ છે. આજે વાત છે શ્રી રાજેશભાઈ અને શ્રીમતી મનીષાબેનના લાડકા નાના દીકરા ચિ. સ્મિતની. સ્મિતનો જન્મ તા. ૨૧/૦૯/૨૦૦૨ ના રોજ રાણીપ મુકામે થયેલ. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઈક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતો ગયો. સૌપ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૮ માં આપી અને તેમાં ૮૧% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૨૦ માં ધોરણ બાર સાયન્સની પરીક્ષા પણ ૬૦% ગુણ સાથે પાસ કરી. અને છેલ્લે ડીસેમ્બર ૨૦૨૧ માં ILETS ની પરીક્ષા ૬.૫ બેન્ડ સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને ભાઈ શ્રી રાજેશભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી મનીષાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

અત્રે કેળવણી મંડળના હોદ્દેદારો તરીકે અમે ગર્વ અનુભવીએ છીએ કે આપણા સમાજની નવી પેઢી શિક્ષણ પ્રત્યે ખુબ સજાગ છે. છેલ્લા એક બે વર્ષમાં આપના સમાજના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં સ્થાયી થયેલ છે જે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે ગૌરવની વાત છે. ભાઈ શ્રી સ્મિતને ILETS માં મેળવેલ સારા બેન્ડના હિસાબે ઉચ્ચ અભ્યાસ અર્થે કેનેડા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને કેનેડાના ઓન્ટારિયોમાં આવેલ પ્રસિદ્ધ સેન્ટ કલેર કોલેજમાં કોમ્પ્યુટર નેટવર્કિંગના બે વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે કેનેડા સરકાર દ્વારા તેમને બે વર્ષના સ્ટુડન્ટ વિઝા અને ત્રણ વર્ષની વર્ક પરમીટના વિઝા આપવામાં આવ્યા. આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ માતાપિતા દ્વારા મળેલ સંસ્કારો , પોતાની મહેનત અને આવડતથી મળેલ છે. તેમના કુળદેવી શ્રી બહુચરમાંની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે. જે માણસ કામ કર્યા વગર બેઠો રહે તેનું નસીબ બેઠેલું રહે છે. જે ઊભો ઊભો વિચાર કરે છે તેનું નસીબ પણ ઊભું જ રહી જાય છે. જે માણસ ઊંઘી જાય તેનું નસીબ પણ ઊંઘી જાય છે પણ જે ચાલતો જ રહે તેનું નસીબ ચાલવા લાગે છે. પરંતુ આપણો સ્મિત શિક્ષણ ક્ષેત્રે ચાલતો નથી પણ દોડે છે.

કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો દ્વારા ચિ. સ્મિતની રૂબરૂ મુલાકાત લઈને સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી શ્રી સ્મિતને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવેલ. અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરવામાં આવેલ. શ્રી રાજેશભાઈ અને શ્રીમતી મનીષાબેન દ્વારા પોતાના દીકરાના આ નિર્ણયને સ્વીકારીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે. તેઓશ્રીએ સમાજના અન્ય દીકરીઓના માતાપિતાને પ્રેરણારૂપ બને તેવી હિંમત દાખવી છે જે અભિનંદન ને પાત્ર છે.

**મેર્ડા આદરજ ગામના આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના દરજી ભાઈઓ / બહેનો દ્વારા સતત દસમાં વર્ષે પગપાળા યાત્રા કરી ને સુવાળા બ્રહ્માણી માતાજીને ધજા ચઢાવવા માં આવી.**

મેર્ડાઆદરજ ગામમાં વસતા આપણા સમાજના કુટુંબો દ્વારા દર વર્ષે ચૈત્રી સુદ પુનમના દિવસે ધાર્મિક પર્વ ઉજવવામાં આવે છે. છેલ્લા નવ વર્ષથી તેઓ દ્વારા તેમના કુળદેવી એવા શ્રી બ્રહ્માણીમાંના ચુવાળ પંથકમાં આવેલ સુવાળા ગામે આવેલ મંદિર સુધી પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે પણ મેર્ડા આદરજના બ્રહ્માણીમાંના પરમ ભક્તો દ્વારા ધામધૂમથી ચૈત્ર સુદ પુનમના દિવસે પગપાળા સંઘનું આયોજન કરવામાં આવેલ. અને ધામધૂમ સાથે બ્રહ્માણી માતાના પરમ ભક્તો એવા મેર્ડા આદરજ પરિવારો દ્વારા પગપાળા સુવાળા



પહોચીને તેમની વર્ષો જુની પરંપરા મુજબ માતાજી ને ધજા ચઢાવેલ હતી.

આપણા સમાજમાં આવી ધાર્મિક પ્રવૃતિ સતત ચાલુ રાખવા બદલ મેર્ડા આદરજ ગામ સમસ્ત દરજી પરિવારો માટે આપણો સમગ્ર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ગૌરવ અનુભવે છે.

**કેળવણી મંડળના આજીવન – દાનેશ્વર સભ્ય બની**
**આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ પ્રત્યે કૃતજ્ઞ બનીયે**

કોઈ પણ સંસ્થા હોય તેનું પીઠબળ તેની સભ્ય સંખ્યા હોય છે. શ્રી બેતાલીસ ગોળ કેળવણી મંડળ આપ સૌ સમાજના સભ્યોનું પ્રતિનિધિત્વ પૂરું પાડે છે. આપણા સમાજની હાલની પરિસ્થિતિ જોઈએ તો આપણી આ સંસ્થા ઈ.સ. ૧૯૮૪ માં ચાલુ કરવામાં આવી ત્યારે સમાજના આગેવાનો દ્વારા તે સમયના દરેક કુટુંબમાંથી એક મોભીને આજીવન સભ્ય બનાવવામાં આવેલ પરંતુ હાલ ની પરિસ્થિતિમાં લગભગ એજ સભ્યો આજીવન સભ્ય તરીકે નોંધાયેલા છે. તે સમયે નોંધાયેલ આજીવન સભ્યોની બીજી કે ત્રીજી પેઢી આજની તારીખે પોતાના કુટુંબના મોભી હશે પરંતુ મોટાભાગના સભ્યો હજુ સુધી પોતાનું નામ કેળવણી મંડળમાં આજીવન સભ્ય તરીકે નોંધાવેલ નથી. જે ઈચ્છનીય નથી. કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિદ્યાલક્ષી યોજનાઓ જેવી કે દર વર્ષે પુસ્તક સહાય, પાઠ્યપુસ્તક સહાય વિગેરેનો લાભ આપણા સમાજના દરેક વિદ્યાર્થીઓને મળે તે ઈચ્છનીય છે પરંતુ તે વિદ્યાર્થીના પિતાશ્રી કેળવણી મંડળના આજીવન સભ્ય હોય તે ફરજીયાત છે. જે વિદ્યાર્થીના દાદા આજીવન સભ્ય હોય અને પિતા આજીવન સભ્ય ના હોય તેવા સમાજના તમામ વિદ્યાર્થીઓનું હિત જોઈને અત્યાર સુધીમાં આવી સહાય આપવામાં આવેલ છે. પરંતુ હવેથી પોતાના સંતાનો માટે પુસ્તક સહાય મેળવવા માંગતા દરેક વાલીએ પોતાનું નામ આજીવન સભ્ય તરીકે ફરજીયાત નોંધાવવાનું રહેશે. એવું પણ નથી કે કુટુંબના વડા જ આજીવન સભ્ય બની શકે ૧૮ વર્ષથી ઉપરના દરેક ભાઈઓ તેમજ બહેનો આજીવન સભ્ય બની શકે છે. છેલ્લે સમાજના તમામ સભ્યો કે જે હજુ સુધી આજીવન સભ્ય નથી બન્યા તે તમામને નમ્ર વિનંતી કે આપણી આ સહિયારી સંસ્થાની વિનંતીને માન આપીને વહેલી તકે પોતાનું નામ આજીવન સભ્ય તરીકે નોંધાવી સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરે. અત્રે ઉલ્લેખનીય છે કે કેળવણી મંડળ દ્વારા ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનામાં પણ પરિવારના પાંચ સભ્યોમાંથી એક સભ્ય આજીવન સભ્ય હોવો જરૂરી છે અન્યથા તેઓ આ યોજનાનો કોઈપણ લાભ મેળવી શકશે નહિ. આથી કેળવણી મંડળ તરફ થી વિનંતી કરવામાં આવે છે કે જે સભ્ય હજુ સુધી આજીવન સભ્ય ના બન્યો હોય તે રૂ.૫૦૧/- ભરી ને ના પોતાના એરિયા ના કારોબારી સભ્ય પાસે નામ નોંધાવી લે.

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દિવાળી કેલેન્ડરની**
**જાહેરાતના દાતા ચાંદખેડા ગામના**
**સ્વ. જયંતીભાઇ સોમાભાઇ દરજી પરિવારને ધન્યવાદ પાઠવે છે.**



સ્વ.જયંતિભાઈ સોમાભાઈ દરજી
સ્વ.તા.૨૨.૧૧.૨૦૧૨

સ્વ.મધુબેન જયંતિભાઈ દરજી
સ્વ.તા.૨૬.૧૧.૨૦૧૯

ચાંદખેડા નિવાસી સ્વ. જયંતીભાઈ સોમાભાઈ દરજી પરિવારના ત્રણ દીકરાઓ ભાઈ શ્રી શૈલેષભાઈ, લાલાભાઈ અને દિલીપભાઈ સમાજ સેવાના દરેક કાર્યમાં હંમેશા અગ્રેસર રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેળવણી મંડળની આગામી સાધારણ સભામાં સમસ્ત જ્ઞાતિજનોને ભોજનદાનની જાહેરાત આ પરિવાર તરફથી કરવામાં આવેલ છે. સ્વ. જયંતીભાઈ સોમાભાઈના ત્રણે દીકરાઓ આપણા સમાજના સેવાભાવી નાગરિકો તરીકે ખુબજ સક્રિય રીતે ફરજ બજાવે છે અને પોતાના પિતાશ્રી સ્વ.જયંતીભાઈના સંસ્કારોને લઈને હંમેશા આપણા સમાજ અને સમાજના વ્યક્તિઓ માટે કંઈપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે. તેમના ધર્મપત્નિઓ શ્રીમતી લતાબેન શૈલેશભાઈ, શ્રીમતી રીનાબેન લાલાભાઈ અને શ્રીમતી જૈનીકાબેન દિલીપભાઈ પણ તેમના પતિઓના દરેક કાર્યમાં એટલોજ સાથ અને સહકાર આપે છે. ભાઈ શ્રી શૈલેષભાઈ, લાલાભાઈ અને દિલીપભાઈ સાહસિક નવયુવાનો છે. ટૂંકા ગાળામાં પોત પોતાના વ્યવસાયમાં નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે આ સમસ્ત પરિવાર શ્રી બહુચર માતાજીનો પરમ ભક્ત છે અને માતાજીની પરમ કૃપા આ પરિવાર પર છે. તેઓશ્રીએ પોતાની સામાજીક લાગણી રૂપે આ વર્ષે **રૂ. ૨૧,૦૦૦/-** આપીને આપણા સમાજને અપાતા દીપાવલી કેલેન્ડરના જાહેરાતદાતા બનેલ છે.

શ્રી શૈલેશભાઈ, શ્રી લાલભાઈ, શ્રી દિલીપભાઈ અને તેમના ધર્મપત્નિઓ શ્રીમતી લતાબેન શૈલેશભાઈ, શ્રીમતી રીનાબેન લાલાભાઈ અને શ્રીમતી જૈનીકાબેન દિલીપભાઈનો કેળવણી મંડળ અત્રે ખુબ ખુબ આભાર માને છે અને તેઓ પોતાના જીવનમાં સતત પ્રગતિ કરે તેવી શુભેચ્છા અત્રે વ્યક્ત કરે છે.

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તરફથી**
**નુતન વર્ષ સવંત ૨૦૭૮ માટે**
**નવું નવલું નજરાણું આકર્ષક કેલેન્ડર**



કેળવણી મંડળ સન ૧૯૮૪ થી પ્રતિ વર્ષ સંસ્થા ની સુભેચ્છા પ્રદર્શિત કરતુ આકર્ષક અને અનેરું કેલેન્ડર બનાવી ને દટ્ટા સાથે સનાજ ના દરેક કુટુંબ ને પ્રદાન કરે છે. આપણું કેલેન્ડર આકર્ષક અને વિશીસ્ટ હોય છે. આ કેલેન્ડર આપણા સમાજ અને સંગઠન નું પ્રતિક અને સમાજ તરફ થી એક પ્રસાદી હોઈ બહુજ મુલ્યવાન છે.

સમાજના અમૂક સભ્યોને હજુ ગેરસમજ છે કે દિવાળી કેલેન્ડર વિતરણ વખતે ઉઘરાવવામાં આવતું દાનભેટ તે કેલેન્ડરની કિંમત છે. પરંતુ હાલના કેળવણી મંડળના પ્રમુખશ્રી બિપીનચંદ્રની આગેવાનીમાં કેળવણી મંડળની હાલની સમિતીએ સર્વાનુમતે નિર્ણય લઈને આ વર્ષથી કેલેન્ડર જોડે દાનભેટ લેવાના બદલે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરેલ છે. જેની જાહેરાત આગામી તા. ૨૪-૧૨-૨૦૨૨ની સાધારણ સભામાં કરવામાં આવશે.

**સમાજનું ગૌરવ**
**સમાજના એક દીકરાએ ઉચ્ચ અભ્યાસ અર્થે**
**જર્મની-યુરોપ મુકામે પ્રયાણ કર્યું**





**"યોગસંન્યસ્તકર્માણ જ્ઞાનસંછિન્નસંશયૈં**
**આત્મવન્ત ન કર્માણી નિબધ્નન્તિ ધનંજયૈં"**

આપણા સનાતન હિન્દુધર્મના પવિત્ર ગ્રંથ એવા શ્રી ભાગવદ ગીતાના ચોથા અધ્યાય ના ૪૧ માં શ્લોકનું અનુવાદન એ છે કે જેને યોગ દ્વારા પોતાના સમસ્ત કર્મોનો ત્યાગ કર્યો છે અને જ્ઞાન વડે જેણે પોતાના તમામ સંશયો છેડી નાખ્યા છે તેવા આત્મનિષ્ઠ વ્યક્તિને કર્મ બંધનકર્તા નથી થતું. જ્ઞાનની / અભ્યાસની મહત્વતા સમજનાર હમેશા સુખી થાય છે.




વાત છે શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ સાબરમતીના સ્વ. કાન્તિલાલ ત્રિકમલાલ દરજી અને તેમના ધર્મપત્નિ સ્વ. લલીતાબેન કાન્તિલાલ દરજી તેમજ તેમના સમગ્ર પરિવારની. આ પરિવારનો પરિચય જાણીએ તો આપણા સમાજની દરેક વ્યક્તિ ભાઈ સ્વ. કાન્તિલાલને એક નિઃસ્વાર્થ અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં અને સાબરમતી ગામ પરિવારોમાં સ્વ. કાન્તિલાલ ત્રિકમલાલ પરિવારનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. આ સ્થાનમાં એક નવું મોરપીંછ ઉમેરાયુ છે જે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે ગર્વ ની વાત છે. સ્વ. કાન્તિલાલે પોતાના પરિવારના દરેક સભ્યોના જીવન ઘડતર માટે જે મહેનત કરી છે અને તેના ફળ સ્વરૂપ તેમનો પરિવાર આજે જે સ્થાન ઉપર છે તેનો ઉલ્લેખ અવશ્ય કરવો ઘટે. આજના પ્રસંગે આજે આપણે સૌ તેમના પૌત્ર એટલે કે તેમના સુપુત્ર શ્રી મુકુન્દભાઈના સુપુત્ર એવા ભાઈશ્રી રાજ ના જીવન વિષે જાણીશું. શ્રી મુકુન્દભાઈ અને તેમના ધર્મપત્નિ શ્રીમતી સરલાબેનને સંતાનોમાં એક દીકરો ભાઈ શ્રી રાજ છે.

મુકુન્દભાઈ અને સરલાબેને પોતાના એકના એક સંતાન એવા રાજના અભ્યાસને લઈને આજીવન દરજીકામના વ્યવસાયમાં ખુબજ મહેનત કરી અને તેમનામાં ઉચ્ચ સંસ્કારોની સાથે સાથે ઉચ્ચ શિક્ષણનું પણ સિંચન કર્યું. ભાઈશ્રી મુકુન્દભાઈ અને શ્રીમતી સરલાબેનના સુપુત્ર એવા ભાઈશ્રી રાજના જીવન વિશે જાણીએ તો ભાઈશ્રી રાજનો જન્મ તા. ૧૪.૦૯.૧૯૯૯ ના રોજ કલોલ મુકામે થયો. ભાઈશ્રી રાજ નાનપણથી જ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતા અને પોતાના જીવનમાં પોતાના માટે અને પોતાના પરિવાર માટે કઈ કરી છૂટવાની પ્રબળ ભાવના હતી. ક્રમવાર ઈ.સ. ૨૦૧૫ માં ધો ૧૦ ની પરીક્ષા ૯૨ પરસેન્ટાઈલ અને ઈ.સ. ૨૦૧૭ માં ધો ૧૨ ની પરીક્ષા ૮૨ પરસેન્ટાઈલ સાથે પાસ કરીને પોતાનો પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરીને મીકેનીકલ એન્જીનીયરીંગ કોર્ષમાં અભ્યાસ કરીને તેમાં ડીગ્રી મેળવી અને પોતાના જ્ઞાનથી જીવનમાં એક અલગ મુકામ સુધી પહોચવાની દ્રઢ મનોભાવના બનાવી.

ભાઈશ્રી રાજે પોતાના માતા, પિતા , દાદા , દાદી તેમજ સમગ્ર પરિવારના ભવિષ્યને લક્ષ્યમાં લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો એક હિંમતભર્યો નિર્ણય લીધો અને જર્મની યુરોપ મુકામે માસ્ટર ડીગ્રી ઈન એન્જીનીયરીંગના અભ્યાસ માટે અરજી કરી. ભગવાને તેમના આ નિર્ણયમાં સાથ આપ્યો અને તેઓશ્રીને જર્મનીના સ્ટુડન્ટ વિઝા મળી ગયા અને તેઓશ્રીએ ઉચ્ચ અભ્યાસ અર્થે તા.૦૯.૦૩.૨૦૨૨ ના રોજ જર્મની મુકામે જવા પ્રયાણ કર્યુ.

શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના સભ્યો તરીકે ભાઈશ્રી રાજના આ નિર્ણયને આપણે બિરદાવીએ છીએ. ઉચ્ચ અભ્યાસ અર્થે તેમના વિદેશગમનની આ અણમોલ ઘડીએ સમસ્ત બેતાલીશ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળના સભ્યો દ્વારા તેમની રૂબરૂ મુલાકાત લઈને ભાઈ શ્રી રાજ, તેમના માતા પિતા ભાઈ શ્રી મુકુન્દભાઈ અને શ્રીમતી સરલાબેન, તેમના દાદા સ્વ. કાન્તીલાલ તેમના દાદી સ્વ. લલીતાબેન તેમજ સમગ્ર પરિવારને હાર્દિક અભિનંદન આપવામાં આવેલ અને તેમનો આ અભ્યાસ ખુબજ સરસ રીતે પૂર્ણ થાય અને તેઓ શ્રી પોતાના જીવનમાં સફળતાના ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરે તેવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવેલ.

**સમાજનું ગૌરવ**
**છત્રાલ ગામના એક દીકરાએ ઉચ્ચ અભ્યાસ**
**અર્થે અમેરિકા મુકામે પ્રયાણ કર્યું**

**"યોગસંન્યસ્તકર્માણ જ્ઞાનસંછિન્નસંશયમૈં**
**આત્મવન્ત ન કર્માણી નિબધ્નન્તિ ધનંજયૈં"**

આપણા સનાતન હિન્દુધર્મના પવિત્ર ગ્રંથ એવા શ્રી ભગવદ્ગીતાના ચોથા અધ્યાય ના ૪૧ માં શ્લોકનું અનુવાદન એ છે કે જેને યોગ દ્વારા પોતાના સમસ્ત કર્મોનો ત્યાગ કર્યો છે અને જ્ઞાન વડે જેણે પોતાના તમામ સંશયો છેડી નાખ્યા છે તેવા આત્મનિષ્ઠ વ્યક્તિને કર્મ બંધનકર્તા થતું નથી. જ્ઞાનની / અભ્યાસની મહત્વતા સમજનાર હંમેશા સુખી થાય છે.

વાત છે, શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ છત્રાલના અને હાલ છત્રાલ નિવાસી સ્વ. દિનેશભાઈ લાલભાઈ દરજી અને તેમના ધર્મપત્નિ ગં.સ્વ.કોકિલાબેન તેમજ તેમના સમગ્ર પરિવારની. આ પરિવારનો પરિચય જાણીએ તો આપણા સમાજની દરેક વ્યક્તિ ભાઈ સ્વ.શ્રી દિનેશભાઈને એક નિ:સ્વાર્થ અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં અને છત્રાલ ગામ પરિવારમાં સ્વ.શ્રી દિનેશભાઈ લાલભાઈ પરિવારનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. સમાજના અમુક પ્રસંગોમાં અમો કેળવણી મંડળ વતી છત્રાલ ગામના દરેક પરિવારોએ કરેલ અસાધારણ પ્રગતિને અમો વખાણીએ છીએ. આ સિદ્ધિઓમાં એક નવું મોરપીંછ ઉમેરાયુ છે જે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે ગર્વની વાત છે. સ્વ. શ્રી લાલભાઈએ પોતાના પરિવાર ના દરેક સભ્યોના જીવન ઘડતર માટે તેઓશ્રી એ જે મહેનત કરી છે અને તેના ફળ સ્વરૂપ તેમનો પરિવાર આજે જે સ્થાન ઉપર છે તેનો ઉલ્લેખ અવશ્ય કરવો ઘટે.

આજે આપણે સૌ તેમના પૌત્ર એટલે કે તેમના મોટા સુપુત્ર શ્રી મહેન્દ્રભાઈના સુપુત્ર એવા ભાઈશ્રી કરણના જીવન વિષે જાણીશું. શ્રી મહેન્દ્રભાઈ અને તેમના ધર્મપત્નિ શ્રીમતી જયોતિકાબેનને સંતાનો માં બે દીકરા ભાઈશ્રી કરણ અને ભાઈશ્રી જેનીમ છે. મહેન્દ્રભાઈ અને જયોતિકાબેને પોતાના મોટા દીકરા કરણના અભ્યાસને લઈને આજીવન દરજીકામના વ્યવસાયમાં ખુબજ મહેનત કરી અને તેમનામાં ઉચ્ચ સંસ્કારોની સાથે સાથે ઉચ્ચ શિક્ષણ પણ સિંચન કર્યું. જ્ઞાનની દેવીમાં સરસ્વતીની આ પરિવાર ઉપર અપાર કૃપા છે જેને લઈને આ પરિવાર વિદ્યાક્ષેત્રે ખુબજ આગળ છે.

ભાઈશ્રી મહેન્દ્રભાઈ અને શ્રીમતી જયોતિકાબેનના મોટા સુપુત્ર એવા ભાઈશ્રી કરણના જીવન વિષે જાણીએ તો ભાઈશ્રી કરણનો જન્મ તા. ૧૬.૧૦.૨૦૦૩ ના રોજ છત્રાલ મુકામે થયો. ભાઈશ્રી કરણ નાનપણથી જ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતા અને પોતાના જીવનમાં પોતાના માટે અને પોતાના પરિવાર માટે કઈ કરી છૂટવાની પ્રબળ ભાવના હતી. ક્રમવાર ધો૧૦ અને ધો ૧૨ નો અભ્યાસ પૂર્ણ કરીને જીવનમાં એક અલગ મુકામ સુધી પહોચવાની દ્રઢ મનોભાવના બનાવી. ભાઈશ્રી કરણ એ પોતાના માતા, પિતા, ભાઈ, દાદી તેમજ સમગ્ર પરિવારના ભવિષ્યને લક્ષ્યમાં લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો એક હિંમતભર્યો નિર્ણય લીધો અને અમેરિકા શિકાગો મુકામે માસ્ટર ડીગ્રી ઈન એકાઉન્ટીગના અભ્યાસ માટે અરજી કરી. ભગવાને તેમના આ નિર્ણયમાં સાથ આપ્યો અને તેઓશ્રીને અમેરીકાના વિઝા મળી ગયા અને તેઓશ્રીએ ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા મુકામે પ્રયાણ કર્યું.

શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના સભ્યો તરીકે ભાઈશ્રી કરણના આ નિર્ણયને આપણે બિરદાવીયે છીએ. ઉચ્ચ અભ્યાસ અર્થે તેમના વિદેશગમનની આ અણમોલ ઘડીએ સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળના સભ્યો દ્વારા તેમની રૂબરૂ મુલાકાત લઈ ને ભાઈ શ્રી કરણ, , તેમના માતા પિતા શ્રી મહેન્દ્રભાઈ અને શ્રીમતી જયોતિકાબેન, તેમના ભાઈ શ્રી જેનીમ તેમના દાદી ગં.સ્વ. કોકીલાબેન તેમજ સમગ્ર પરિવારને હાર્દિક અભિનંદન આપવામાં આવેલ અને તેમનો આ અભ્યાસ ખુબજ સરસ રીતે પૂર્ણ થાય અને તેઓશ્રી પોતાના જીવનમાં સફળતાના ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરે તેવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવેલ.

## ચાંદખેડાના શ્રી દિલીપભાઈ ગઢવીનું રાષ્ટ્રીય ચિન્હ અશોક સ્તંભ દ્વારા સન્માન



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કેળવણી મંડળના પૂર્વ કારોબારી સભ્ય અને સદાબહાર યુવાન એવા મૂળ ગામ ચાંદખેડાના દિલીપભાઈ ઉર્ફે દિલીપભાઈ ગઢવીનો પરિચય આપવાની કોઈ જ જરૂર નથી સમાજના નાનામાં નાના વ્યક્તિ સુધી તેઓ પરિચય ધરાવેછે. શ્રી દિલીપભાઈ સમાજ સેવા ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહે છે તેઓશ્રી ઘણી બધી સામાજીક સંસ્થાઓમાં એક સેવક તરીકે પોતાનો ફાળો આપી રહેલ છે. આપણા સમાજ કે બીજા કોઈપણ સમાજમાં જો કોઈ સેવાકીય કાર્ય થતું હોય તો તેઓશ્રીના પરિવાર તરફથી અવશ્ય ફાળો હોય. સમાજ સેવાના ઘણા બધા કાર્યોમાં તેઓ સક્રિય રહે છે જેમકે સમાજના અને અન્ય યુવકોને વ્યસન મુક્તિ માટે અપીલ કરે છે અને તેનાથી થતા ગેરફાયદા વિશે માહિતી આપે છે.

આવા સેવાભાવી વ્યક્તિનો પરિચય આપવાનો ઉદ્દેશ્ય એ છે કે આપણા શ્રી દિલીપભાઈ ગઢવી ફક્ત સામાજીક ક્ષેત્રે નહિ પરંતુ રાજકીય ક્ષેત્રે પણ ઉચ્ચ કારકિર્દી ધરાવે છે. છેલ્લા ઘણા વર્ષોથી તેઓ ચાંદખેડા ભારતીય જનતા પાર્ટીના સીનીયર આગેવાન અને બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. હાલ માં જ તેમની કામ પ્રત્યેની લગન અને પાર્ટી પ્રત્યેની નિષ્ઠાના ફળ સ્વરૂપે આમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દંડક માનનીય શ્રી અરુણસિંહ રાજપૂત દ્વારા આપણા દેશના રાષ્ટ્રીય ચિન્હ "અશોક સ્તંભ" એનાયત કરી ને તેમનું સન્માન કરવામાં આવ્યું.

શ્રી દિલીપભાઈ ગઢવી ઉપર સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજને માન છે અને તેઓ ભવિષ્યમાં પોતાની રાજકીય અને સામાજીક કારકિર્દી ક્ષેત્રે સતત પ્રગતિ કરે તેવી ભાવના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## MBBS ની ડીગ્રી મેળવીને ઉચ્ચ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવવા બદલ શુભેચ્છાઓ



ડૉ. નિયતિ ઇન્દ્રવદન દરજી



ડૉ. સંકેત ઇન્દ્રવદન દરજી

આજે આપણે વાત કરીએ છીએ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઝુંડાલના અને હાલ મોટેરા નિવાસી અને સમાજસેવામાં હંમેશા અગ્રેસર એવા ભાઈશ્રી ઈન્દ્રવદનભાઈ માણેકલાલ દરજી અને શ્રીમતી શોભનાબેન ઈન્દ્રવદનભાઈ દરજીના લાડકા સંતાનો કુ. નિયતિ અને ચિ. સંકેતની.

સમાજ શ્રેષ્ઠી એવા સ્વ. માણેકલાલ છબીલદાસના પરિવારના સભ્યને આપણે શુભેચ્છા આપી રહેલ છીએ તો સ્વ. માણેકલાલ પરિવારની સમાજસેવા અને સમાજના લોકો પ્રત્યેનું તેમનું જે યોગદાન છે તે યાદ નહિ કરીએ તો અશોભનીય લાગશે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં સ્વ.શ્રી માણેકલાલ છબીલદાસ પરિવારના દરેક સભ્યનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે.

સ્વ. માણેકલાલનો સમાજસેવાનો વારસો હાલ પણ તેમના ત્રણે પુત્રો શ્રી અરવિંદભાઈ માણેકલાલ, શ્રી હસમુખભાઈ માણેકલાલ અને શ્રી ઈન્દ્રવદનભાઈ માણેકલાલ એ જાળવી રાખ્યો છે. કુ. નિયતિ અને ચિ. સંકેત વિષે વાત કરતા પહેલા અમો આ પરિવારનો આભાર માનીએ છીએ.

શ્રી ઈન્દ્રવદનભાઈ માણેકલાલ અને શ્રીમતી શોભાનાબેન ઈન્દ્રવદનને ચિ. સંકેત અને કુ. નિયતિ એમ બે સંતાન છે. કુ. નિયતિનો જન્મ તા.૦૯/૦૭/૧૯૯૨ ના રોજ ઝુંડાલ મુકામે થયેલ અને હાલ પોતાનું ખીલખીલાટ કરતું બાળપણ મોટેરા મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઈક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતી ગઈ. સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૦૭ માં આપી અને તેમાં ૮૪% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૦૯ માં ધોરણ બારની પરીક્ષા પણ ૮૬% ગુણ સાથે પાસ કરી. વર્ષ ૨૦૧૪ માં SVP હોસ્પિટલ અમદાવાદ મુકામે થી MBBS ની પરીક્ષા ૬૨% સાથે પાસ કરી અને હાલમાં જ વડોદરા મુકામે M.S.OBS – GYNEC (સ્ત્રી રોગના નિષ્ણાંત) તરીકે એડમિશન મળેલ છે. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજની આ દીકરીને ભાઈશ્રી ઈન્દ્રવદનભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી શોભનાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

હાલના જમાનામાં પણ સમાજની એક કરુણતા છે કે સમાજના માણસો હંમેશા ટકોર કરતા રહેશે કે દીકરીને બહુ ભણાવાય નહિ અને દીકરી પાછળ ખોટા ખર્ચા કરાય નહિ. છતાં પણ શ્રી ઈન્દ્રવદનભાઈ અને શ્રીમતી શોભનાબેને હિંમત હાર્યા વિના પોતાની લાડકી દીકરીને દીકરા ની સમકક્ષ ગણીને તેને ઉડવાનું આકાશ પૂરું પાડ્યું. કુ. નિયતિને વર્ષ ૨૦૦૮ માં ધોરણ ૧૦ માં અને વર્ષ ૨૦૧૦ માં તેમજ વર્ષ ૨૦૧૫ માં સારા માર્ક્સ મેળવવા બદલ સમસ્ત દરજી સમાજ સંસ્થા વતી એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે જે અત્રે ઉલ્લેખનીય છે.

હવે વાત છે ભાઈ શ્રી ઈન્દ્રવદનભાઈ અને શ્રીમતી શોભનાબેનના નાના સુપુત્ર ભાઈશ્રી સંકેતની, હાલના સમયમાં દરેક માતા પોતાનો પુત્રમાં પોતાના પતિ એટલે કે પુત્રના પિતાનો અણસાર જોવા મળે તેમ ઈચ્છે છે જયારે પિતા પોતાના બાળકોમાં પોતાના ગુણ લક્ષણોના દર્શન કરવા ઈચ્છે છે. દુનિયાનો દરેક પિતા ઈચ્છે છે કે પોતાનો પુત્ર પોતાના આદર્શ પર ચાલે અને એક સફળ વ્યક્તિ બને. અને જયારે બાપ કરતા બેટો સવાયો બને ત્યારે બાપને જ અનેરો આનંદ થાય છે. ભાઈ શ્રી ઈન્દ્રવદનભાઈ ગુજરાત સરકારના રોડ અને બિલ્ડીંગ ડીપાર્ટમેન્ટમાં ડેપ્યુટી એક્ઝીક્યુટીવ એન્જીનીયર છે પરંતુ તેમનો દીકરો ભાઈશ્રી સંકેત એક ઉચ્ચ ઝળહળતી શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે તા.૩૦.૧૦.૧૯૯૮ ના રોજ જન્મેલ સંકેત ફક્ત ૨૪ વર્ષની નાની વયે શૈક્ષણિક સફળતાના ઉચ્ચ સોપાનો સર કરી રહેલ છે.સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૪ માં આપી અને તેમાં ૯૧% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૬ માં ધોરણ બારની પરીક્ષા પણ ૯૨% ગુણ સાથે પાસ કરી. વર્ષ ૨૦૨૧ માં SVP હોસ્પિટલ અમદાવાદ મુકામે થી MBBS ની પરીક્ષા ૬૬% સાથે પાસ કરી અને હાલમાં જ NEET PG EXAM પાસ કરેલ છે અને PG પ્રવેશ માટે લાયક ઠરેલ છે.

ભાઈશ્રી સંકેતને ધોરણ ૧૦ માં સારા માર્ક્સને લીધે પોતાની સ્કુલમાં બેસ્ટ વિદ્યાર્થી એવોર્ડ, તેમજ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ સમસ્ત દરજી સમાજ અને અખિલ ગુજરાત દરજી સમાજ સંસ્થાઓ તરફથી એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ છે. ધોરણ ૧૧ માં A1 ગ્રેડ ટોપર સ્ટુડન્ટ સ્કુલ ઓફ એચીવર અને ધોરણ ૧૨ અને MBBS માં પણ શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે સમસ્ત દરજી સમાજ સંસ્થા તરફથી સન્માનવામાં આવેલ છે જે ઉલ્લેખનીય છે. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને ભાઈશ્રી ઈન્દ્રવદનભાઈ અને તેમના ધર્મપત્નિ શ્રીમતી શોભનાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પાડી છે. શ્રી ઈન્દ્રવદનભાઈ અને શ્રીમતી શોભનાબેન દ્વારા પોતાની દીકરી અને દીકરાનાના ભવિષ્યનું ઘડતર કરીને તેમને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે. તેઓશ્રીએ સમાજના અન્ય દીકરીઓ અને દીકરાઓના માતાપિતાને પ્રેરણારૂપ બને તેવી હિંમત દાખવી છે જે અભિનંદન ને પાત્ર છે.

અંત માં સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળના સભ્યો દ્વારા કુ. નિયતિ અને ચિ. સંકેતની રૂબરૂ મુલાકાત લઈને અભિનંદન આપવામાં આવેલ અને ભવિષ્યમાં તેઓ જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ આપવામાં આવેલ. સાથે સાથે ભાઈ શ્રી ઈન્દ્રવદનભાઈ માણેકલાલ અને શ્રીમતી શોભનાબેન ઈન્દ્રવદનભાઈ અને સમસ્ત માણેકલાલ છબીલદાસ પરિવારને અભિનંદન આપવામાં આવેલ.

**અભિનંદન...**
**અશોકભાઇ રમણલાલ દરજી ઉનાવાવાળા (હાલ-ગાંધીનગર)**
**નિવાસીના પૌત્ર અને પૌત્રી ને કે જે હાલમાં**
**સિડની - ઓસ્ટ્રેલિયામાં ઉચ્ચ અભ્યાસ અર્થે ગયેલ છે.**



**તિલક જીગ્નેશભાઇ દરજી**
**વિદેશ ગમન : ૦૫-૦૯-૨૦૧૭**
**બેચરલ ઓફ ડિઝાઇન**
**માસ્ટર ઓફ આઇ.ટી.**



**હરિકૃષ્ણ જીગ્નેશભાઇ દરજી**
**વિદેશ ગમન : ૦૮-૦૬-૨૦૨૨**
**ધોરણ - ૧૨**



**આર્ષવી વિપુલભાઇ દરજી**
**વિદેશ ગમન : ૧૫-૧૨-૨૦૨૧**
**બેચરલ ઓફ સાયન્સ**

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઉનાવાના આદરણીય શ્રી સ્વ. રમણલાલ મણીલાલ દરજી પરિવારના પરિચય વિષે કશું પણ જણાવવું તે ક્ષિતિજમાં ઉગતા સુરજને દીવો બતાવવા જેવું કાર્ય છે. આપણા સમાજનો છેવાડાનો વ્યક્તિ પણ આ પરિવારના દરેક સદસ્યો એમાં પણ ખાસ કરીને શ્રી અશોકભાઈ રમણલાલ અને તેમના પુત્ર ભાઈ શ્રી જીગ્નેશભાઈથી ખુબજ સારી રીતે પરિચિત છે. અમો આપ સૌને જણાવવા માંગીએ છીએ કે આ પરિવારનું આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં જે સ્થાન છે તે સ્થાન આ પરિવારે આકસ્મિક કે ફક્ત નસીબના જોરે પ્રાપ્ત નથી કર્યું પણ પોતાની તનતોડ મહેનત, કાબેલીયત અને ઈમાનદારી દ્વારા શૂન્યમાંથી સર્જન કરીને મેળવેલ છે. આપણા સમાજને દરેક વ્યક્તિ માટે શ્રી અશોકભાઈ અને શ્રી જીગ્નેશભાઈની પ્રગતી અને તેમની જીવનગાથા પ્રેરણા સ્ત્રોત છે.

શ્રી અશોકભાઈ રમણલાલના સુપુત્રશ્રી જીગ્નેશભાઈ અશોકભાઈ દરજીના બે દીકરા ભાઈશ્રી તિલક જીગ્નેશભાઈ દરજી તા.૦૫.૦૯.૨૦૧૭ ના રોજ ઉચ્ચ અભ્યાસ અર્થે સિડની ઓસ્ટ્રેલિયા મુકામે ગયેલ છે. ત્યારબાદ તેમનો બીજો દીકરો ચી. હરિકૃષ્ણ જીગ્નેશભાઈ પણ તા. ૦૮.૦૬.૨૦૨૨ ના રોજ ઉચ્ચ અભ્યાસ અર્થે ઓસ્ટ્રેલિયા મુકામે ગયેલ છે. શ્રી અશોકભાઈ રમણલાલના બીજા દીકરા ભાઈશ્રી વિપુલભાઈ અશોકભાઈની દીકરી આર્ષવી વિપુલભાઈ દરજી પણ તા.૧૫.૧૨.૨૦૨૧ ના રોજ ઓસ્ટ્રેલિયા મુકામે ઉચ્ચ અભ્યાસ અર્થે ગયેલ છે.

શ્રી અશોકભાઈ રમણલાલ દરજી પરિવારની અભ્યાસ પ્રત્યેની લગનને કેળવણી મંડળ બિરદાવે છે અને તેમનો સમસ્ત પરિવાર પ્રગતિના સોપાન સર કરવામાં અગ્રેસર રહે તેવી પરમકૃપાળુ સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરવામાં આવે છે.



**મૂળ ગામ ઝુંડાલના હાલ સાણંદ નિવાસી**
**શ્રી વિજયભાઇ રસિકભાઇ દરજીના પરિવારમાં**
**કુળદીપકના જન્મથી હર્ષનો માહોલ**





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઝુંડાલના અને હાલ સાણંદ નિવાસી શ્રી વિજયભાઈ રસિકભાઈ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી હીનાબેન વિજયભાઈના સમગ્ર પરિવારમાં ચિ. સાર્થકના જન્મથી ખુશીનો માહોલ સર્જાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઈશ્રી વિજયભાઈ એક મહેનતુ અને સમાજ માટે માન રાખનાર વ્યક્તિ છે. તા. ૦૮.૦૭.૨૦૨૨ ના રોજ બાલાજી હોટલ સાણંદ મુકામે તમામ પરિવારજનો અને સ્નેહીજનોની હાજરીમાં ધામધૂમથી સીમંતનો કાર્યક્રમ ઉજવવામાં આવેલ.

અને ત્યારબાદ તા.૧૦.૦૯.૨૦૨૨ ના રોજ ચિ. સાર્થક નો જન્મ થતા પરિવારમાં ખુશીનો માહોલ છે. આ શુભ અવસર નિમિતે કેળવણી મંડળ તરફથી ચિ. સાર્થકના પિતાશ્રી વિજય રસિકભાઈ, માતા હીનાબેન વિજયભાઈ, દાદાશ્રી રસિકભાઈ ચંદુભાઈ, દાદી શ્રીમતી કોકીલાબેન રસિકભાઈ તથા સમસ્ત પરિવારને અભિનંદન આપવામાં આવે છે. અને ચિ. સાર્થક ના ઉજ્વળ ભવિષ્ય માટે અત્રે કામના કરવામાં આવે છે.

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની**
**યશ ગાથામાં એક વધુ મોરપીંછ નો ઉમેરો**
**કલોલ મુકામે કેળવણી મંડળની**
**પ્રથમ પોતાની ઓફીસની ખરીદી**










આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ એક ગૌરવવંતો અને કર્મશીલ સમાજ છે. આપણા સમાજમાં શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુ અન્વયે આપણા સમાજના વડીલો દ્વારા ઈ.સ. ૧૯૮૪ માં શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવેલ. આ કેળવણી મંડળની સ્થાપના કર્યા બાદ તેના વહીવટકારો દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે સમાજના વિદ્યાર્થીઓ જાગૃત

થાય અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાનું , પોતાના પરિવારનું અને સમાજનું નામ રોશન કરે તે ઉદ્દેશથી વિદ્યાર્થી પુસ્તક સહાય, નિ:શુલ્ક નોટબુક સહાય અને બોર્ડના વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈને શુભેચ્છા પત્ર આપવો જેવા સમાજલક્ષી કાર્યો કરવામાં આવી રહેલ છે.

હાલ કેળવણી મંડળ દ્વારા દિવાળીમાં કેલેન્ડર વિતરણ, દર વર્ષે સમાજનું મુખપત્ર એવા બેતાલીસ દીપકનું પ્રકાશન, મૃતકોને શ્રધ્ધાંજલિ, નિવૃત કર્મચારીઓનું સન્માન, વિદેશ પ્રવાસે જતા સમાજના સભ્યોને શુભેછા પત્ર અર્પણ કરવો, વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, સીનીયર સીટીઝનનું શાલ ઓઢાડીને સન્માન, કોવિડની વૈશ્વિક મહામારીમાં સમાજના જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટનું વિતરણ, અતિ મુશ્કેલ એવા સમાજ દર્શન-૨૦૨૨ ને તૈયાર કરવાનું કાર્ય તેમજ સમાજના છેવાડાના વ્યક્તિને સ્પર્શતી “મૃત્યુ સહાય યોજના” નું સફળ સંચાલન જેવા સમાજ ઉપયોગી કાર્યો કરવામાં આવી રહેલ છે.

કેળવણી મંડળ દ્વારા કરવામાં આવતા ઉપરોક્ત કાર્યો માટે લગભગ મહિનામાં એક વાર સર્વે હોદ્દેદારશ્રીઓ તેમજ કારોબારી સભ્યોની મિટીંગ અવશ્ય બોલાવવી પડે. આવી મિટીંગ વર્ષોથી કેળવણી મંડળના કોઈ સભ્યના ઘરે અથવા મંદિરમાં યોજવી પડતી હતી. આ તકલીફોને લઈને કેળવણી મંડળના તમામ સભ્યોની એક ઈચ્છા હતી કે કેળવણી મંડળની પોતાની એક ઓફીસ હોય તો આ બધી મુશ્કેલીઓનો અંત આવે. કેળવણી મંડળના સભ્યોની રજૂઆત ધ્યાનમાં લઈને કેળવણી મંડળના હોદ્દેદારો દ્વારા ઓફીસની તપાસ કરવામાં આવી અને કલોલ વેપારીજીન મુકામે એક ઓફીસ જોઈને સોશિઅલ મીડિયા દ્વારા સમાજના અન્ય સભ્યોનું માર્ગદર્શન મેળવવામાં આવ્યું. અને એકદમ ઓછી કીમત માં **રૂ.૪,૫૦,૦૦૦** માં ૩૦૦ સ્કવેર ફિટની ઓફીસ ફાઈનલ કરવામાં આવી.

કલોલ મુકામે ઓફીસ ફાઈનલ કર્યા બાદ કેળવણી મંડળ દ્વારા સમાજમાં દાનની ટહેલ નાખવામાં આવી. કેળવણી મંડળ વારંવાર જણાવતું આવ્યું છે તેમ આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ દાનવીરોથી ભરપુર સમાજ છે. આપણા સમાજના દરેક પરિવારને સમાજના બીજા પરિવારથી અને કેળવણી મંડળથી ખુબ માન છે. અત્રે કેળવણી મંડળ અત્યંત આનંદ સાથે જણાવે છે કે સમાજના દાનવીરો દ્વારા દાનની સરવાણી વહેવડાવીને જરૂરિયાત કરતા વધારે દાન નોંધાવ્યું એટલે કેળવણી મંડળને પોતાની જમા મૂડી માંથી એક પણ રૂપિયો ખર્ચ કરવો પડેલ નથી.

અત્રે કેળવણી મંડળ દ્વારા દાન ભેટ આપનાર તમામ દાતાશ્રીઓ, કેલેન્ડર ભેટના દાતા શ્રી, ઓફીસ દાન ભેટના દાતાશ્રીઓ, નોટબુકમાં આજીવન સભ્ય થનાર અને જાહેરાત આપનાર તમામ દાતાશ્રીઓ, સમાજ દર્શન માટે દાન આપનાર દાતાશ્રીઓ તેમજ અન્ય દાન આપનાર સર્વે જ્ઞાતિજનોનો ખૂબ આભાર માને છે.

જો રસ્તો સુંદર હોય તો લક્ષ્ય ની ચિંતા જ કરવી નહિ
અને જો લક્ષ્ય સુંદર હોય તો રસ્તાની ચિંતા ક્યારેય કરવી નહિ.

## કેળવણી મંડળના સભ્યો દ્વારા સમાજનું વસ્તીપત્રક એવું સમાજ દર્શન-૨૦૨૨ માટે નિષ્ઠાપૂર્વક મહેનત

શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્રની આગેવાનીમાં વર્ષોથી ખોરંભે પડેલ સમાજ દર્શન -૨૦૨૨ હાલ પૂર્ણતાના આરે છે અને તા. ૨૪.૧૨.૨૦૨૨ ની સમાજની સાધારણ સભામાં તેનું અનાવરણ કરવામાં આવશે. વ્હાલા જ્ઞાતિજનો સમાજ દર્શનની છેલ્લી આવૃત્તિ ઈ.સ. ૨૦૦૫ માં કેળવણી મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ અને પરંપરા અનુસાર આપણે દર દસ વર્ષે સમાજ દર્શન ની નવી આવૃત્તિ તૈયાર કરવી પડે જેથી સમાજના દરેક પરિવારમાં થતા દરેક પરિવર્તનની જાણ સર્વે સમાજવાસીઓ જાણી શકે પરંતુ ત્યારબાદ અમુક સંજોગોના કારણે આપણે આ આવૃત્તિ લગભગ ૧૭ વર્ષે બહાર પડી રહેલ છીએ.



વ્હાલા જ્ઞાતિજનો સમાજ દર્શનની આ ચતુર્થ આવૃત્તિ બહાર પાડવામાં કેળવણી મંડળને ખુબ જ તકલીફોનો સામનો કરવો પડ્યો છે સર્વ પ્રથમ ઈ.સ. ૨૦૧૯ માં સમાજના તમામ પરિવારોનો સર્વે રૂબરૂ મુલાકાત લઈને કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ આવેલ કોવિડ મહામારીના હિસાબે તમામ આયોજન પડી ભાંગ્યું. પરંતુ કેળવણી મંડળના સભ્યોએ જરાપણ હિંમત હાર્યા વગર ફરીથી સમાજના દરેક પરિવારોની માહિતી એકઠી કરવાનું કાર્ય આરંભ કર્યું. સમાજ દર્શન ૨૦૨૨ તૈયાર કરવા માટે કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ એવા ભાઈશ્રી મેહુલભાઈ હસમુખભાઈ દરજીની આગેવાનીમાં એક ટીમની રચના કરવામાં આવી. અને સમાજના સમસ્ત પરિવારજનોની સંપૂર્ણ માહિતી તેમજ સમાજ દર્શનના ખર્ચને પહોચી વળવા માટે ભંડોળ એકઠું કરવાની સંપૂણ જવાબદારી સોંપવામાં આવી,અહિયાં એ જણાવવામાં જરાપણ અતિશયોક્તિ નથી કે કેળવણી મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ ટીમ દ્વારા ભાઈશ્રી મેહુલભાઈ હસમુખભાઈ દરજીની આગેવાનીમાં દિવસ રાત જોયા વગર મહિનાઓથી મહેનત કરીને આ અતિ કઠીન કાર્યને પૂર્ણ કરેલ છે. અત્રે અમો સમાજ દર્શન માં જાહેરાત દાન આપનાર તમામ દાતાશ્રીઓનો ખૂબ ખુબ આભાર માનીએ છીએ.

"**સમાજદર્શન**"નો ચોથો અંક તૈયાર કરવાનું અહોભાગ્ય અમને મળ્યું જે અમારા જીવનનો યાદગાર પ્રસંગ બની રહેશે. આપ સૌના સહકાર-સહયોગથી આ ભગીરથ કાર્યને વેગ આપવા અને આ અંકને પ્રસ્તુત કરવા જેમણે અથાગ પ્રયત્નો કર્યા છે એમનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ પુસ્તિકાના નિરૂપણમાં કોઈપણ જ્ઞાતિજન અંગેની માહિતી આપવામાં ક્ષતિ રહી ગઈ હોઈ તો તેની ઉપેક્ષા નથી જ, અમારા સંનિષ્ઠ પ્રયાસ છતાં કોઈ ઉણપ રહી ગઈ હોય તો ક્ષમા યાચના.

**બિપીનચંદ્ર જીવણલાલ દરજી – કલોલ**
**પ્રમુખ – શ્રી બે.ગો.દરજી કેળવણી મંડળ**

**કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ**
**શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી સહપરિવાર**
**ઓસ્ટ્રેલિયાના પ્રવાસે.**

Congratulations




**શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી**
**શ્રીમતી હેમાબેન અલ્પેશભાઇ દરજી**
**ચિ. વિશાલ અલ્પેશભાઇ દરજી**

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ના મૂળ ગામ વામજના અનેહાલમાં કલોલ નિવાસી શ્રી અલ્પેશભાઈ ભલાભાઈ દરજી અન ેતેમના ધર્મપત્ની શ્રીમતી હેમાબેન અલ્પેશભાઈ તેમજ ભાઈશ્રી વિશાલ અલ્પેશભાઈ તેમજ તેમના સમગ્ર પરિવારનો પરિચય આપણા સમાજના નાનામા ંનાની વ્યક્તિને છે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં આ પરિવારનું એક અલગ અને ઉચ્ચ સ્થાન છે. આ સ્થાન સુધી પહોચવા માટે પોતાના સમગ્ર જીવન દરમ્યાન કરેલા સંઘર્ષ અને મહેનતનો ઉલ્લેખ અવશ્ય કરવો પડે તો આપણા સમાજ માટે આ એક ઉત્કર્ષ દ્રષ્ટાંતરૂપ છે.

સ્વ.ભલાભાઈ શકરચંદ અને સ્વ. પુરીબેન ભલાભાઈ ના પાંચ સંતાનો હતા. ઘરની આર્થિક સદ્ધરતા ન હોવા છતાં દરજીકામનો વ્યવસાય કરતા ભલાભાઈએ ભણવામાં નાનપણથી હોશિયાર એવા અલ્પેશભાઈને ડિપ્લોમા મિકેનીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ કરાવ્યો. ત્યારબાદ અલ્પેશભાઈ નોકરીમાં જોડાઈ અત્યારે સુરેન્દ્ર એન્જીનીયરીંગ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન છે. તેમની ધગશ, ખંત અને ઉત્સાહથી પોતાના ક્ષેત્રમાં ખૂબ પારંગત બન્યા અને આર્થિક રીતે પણ સદ્ધર બન્યાં. પરિણામે તેઓ તેમના પરિવારના સાચા અર્થમાં કુળદિપક બન્યા.

ખૂબ જ નાની વયથી તેમને પરિવાર, કુટુંબ, સમાજ અનેદરજી જ્ઞાતિ પ્રત્યે ખુબજ લગાવ અને પ્રેમ હતો. પરિણામે સમાજના કેળવણી મંડળ, સમૂહલગ્ન સમિતિ અને સ્વ. શ્રી ચીનુભાઈ દરજી ક્રેડીટ સોસાયટી કલોલ અને અખિલ ગુજરાત દરજી સમાજ સમિતિ જેવી સંસ્થાઓમાં ઉદાર હાથે ફાળો આપીને પોતાની એક આગવી ઓળખ ઉભી કરી.

સમાજે મારા માટે શું કર્યું તેના બદલે હું સમાજ માટે શું કરી શકું તેમ છું, આજ મંત્ર સાથે હંમેશા માટે સમાજના જે ઉત્કર્ષના કાર્યો હોય તેના માટે હંમેશા તેઓ ચિંતનશીલ રહે છે. સમાજ માટે સમર્પિત થઈને કામ કરનારા બહુ જ ઓછા વ્યક્તિઓ હોય છે. તેમાંના એક ભાઈશ્રી અલ્પેશભાઈ અને હેમાબેન બંને ખૂબ હેતાળ, માયાળુ સ્વભાવ, પરગજુ, બીજાના દુ:ખમાં સહભાગી થનાર દંપતિ છે. દરકે પુરુષની સફળતા પાછળ તેમની ધર્મપત્નીનો હાથ હોય છે. હેમાબેનના આ સ્વભાવથી આ સિધ્ધિ તેઓ હાંસલ કરી શકયા છે.

અલ્પેશભાઈ અને તેમના પરિવારે મોટાભાગે ભારત દર્શન કરેલ છે. ઈ.સ. ૨૦૧૯ માં તેઓ શ્રી સમસ્ત પરિવાર સાથે સમગ્ર યુરોપના પ્રવાસે જઈ આવેલ છે. ત્યારબાદ તા. ૧૨.૦૪.૨૦૨૨ અને તા. ૦૩.૧૧.૨૦૨૨ ના રોજ સહપરિવાર ઓસ્ટ્રેલિયા પોતાની લાડકી દીકરીને મળવા જઈ આવ્યા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ વતી અમો ભાઈશ્રી અલ્પેશભાઈ અને તેમના સમસ્ત પરિવારને અભિનંદન આપીએ છીએ અને ભવિષ્યમાં પણ તેઓ સામાજીક અને ધંધાકીય રીતે સફળ રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**સમાજના એક સાહસિક યુવાન અને કેળવણી મંડળના**
**સનિષ્ઠ કાર્યકારી પ્રમુખ એવા**
**ભાઈશ્રી દીપકભાઈ કનુભાઈ દરજીએ સાહસ કરીને**
**રેડીમેઇડ ગારમેન્ટનો બીજો શો-રૂમ ચાલુ કર્યો. – અભિનંદન**

Congratulations









શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ભોયણ રાઠોડ / કલોલ અને હાલ ચાંદલોડિયા મુકામે રહેતા કેળવણી મંડળના હાલના ઉત્સાહી કાર્યકારી પ્રમુખ ભાઈશ્રી દીપકભાઈ કનુભાઈ દરજી એક સાહસિક યુવાન છે. નાની ઉમરમાં નોકરી કરીને રેડીમેઈડ ગારમેન્ટનો અનુભવ લઈને આશરે સાત વર્ષ પહેલા એક સાહસિક નિર્ણય લઈને ચાંદલોડિયા મુકામે **સિધ્ધેશ્વરી ફેશન** નામની અત્યાધુનિક રેડીમેડ લેડીઝ વેર નો બીઝનેસ ચાલુ કર્યો. પરમ કૃપાળુ પરમાત્માએ તેમના આ સાહસને આશિર્વાદ આપ્યા અને તેઓએ આ બીઝનેશમાં ખુબજ પ્રગતિ કરી.

હાલ માં તેમણે અમદાવાદ સ્ટેડીયમ મુકામે પોતાની બીજી નવીન શાખાનું ઉદ્દ્ઘાટન કર્યું અને આ પ્રસંગે તેઓએ કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યોને આમંત્રણ આપ્યું. આ પ્રસંગે કાર્યકારી પ્રમુખ અલ્પેશભાઈ ભલાભાઈ દરજી દ્વારા પ્રાસંગિક પ્રવચન કરીને તેમજ પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી અને કેળવણી મંડળના અન્ય હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ દ્વારા પુષ્પગુચ્છ આપીને શ્રી દીપકભાઈનું સન્માન કરવામાં આવ્યું અને તેઓ પોતાના નવીન સાહસ માં ખુબ સફળ રહે તેવી શુભકામનાઓ કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો દ્વારા આપવામાં આવી.

તા. ૨૯-૦૯-૨૦૨૧ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૬૯ |  | સ્વ. દિનેશભાઇ લાલભાઇ દરજી | છત્રાલ | ૬૨ | છત્રાલ | ૪૭૧ | ૧૭.૧૦.૨૦૨૧ | ૨૨.૧૦.૨૦૨૧ |
| ૬૭૦ |  | સ્વ. કોકીલાબેન પરેશભાઇ દરજી | મેમનગર | ૬૨ | ઉવારસદ | ૯૫ | ૧૮.૧૦.૨૦૨૧ | ૨૪.૧૦.૨૦૨૧ |
| ૬૭૧ |  | સ્વ. ચીમનભાઇ બબલદાસ દરજી | કલોલ | ૮૭ | છત્રાલ | ૪૫૪ | ૨૭.૧૨.૨૦૨૧ | ૩૦.૧૨.૨૦૨૧ |
| ૬૭૨ |  | સ્વ. અશોકભાઇ વિસાભાઇ વાઘેલા | માદલપુર | ૭૫ | વામજ | ૬૫ | ૩૧.૧૨.૨૦૨૧ | ૦૬.૦૧.૨૦૨૨ |
| ૬૭૩ |  | સ્વ. અરવિંદભાઇ સોમાભાઇ દરજી | સાબરમતી | ૭૦ | સાબરમતી | ૨૪૦ | ૦૪.૦૨.૨૦૨૨ | ૦૭.૦૨.૨૦૨૨ |
| ૬૭૪ |  | સ્વ. વિજયકુમાર ઈશ્વરલાલ દરજી | સાબરમતી | ૫૬ | સાબરમતી | ૨૪૨ | ૦૮.૦૨.૨૦૨૨ | ૧૩.૦૨.૨૦૨૨ |
| ૬૭૫ |  | સ્વ. બચુભાઇ સોમાભાઇ દરજી | સાબરમતી | ૭૯ | સાબરમતી | ૨૩૯ | ૦૯.૦૨.૨૦૨૨ | ૧૩.૦૨.૨૦૨૨ |
| ૬૭૬ |  | સ્વ. દશરથભાઇ સોમનાથ દરજી | રાયસણ | ૬૧ | વામજ | ૩૦૮ | ૩૦.૦૩.૨૦૨૨ | ૦૧.૦૪.૨૦૨૨ |
| ૬૭૭ |  | સ્વ. વિમળાબેન નંદુભાઇ દરજી | પારસનગર | ૭૨ | ઝાણું | ૭૭ | ૦૩.૦૪.૨૦૨૨ | ૧૧.૦૪.૨૦૨૨ |
| ૬૭૮ |  | સ્વ. કલ્પેશભાઇ ચંદ્રકાન્તભાઇ દરજી | ચાંદખેડા | ૪૩ | પાનસર | ૨૫૬ | ૧૨.૦૪.૨૦૨૨ | ૧૭.૦૪.૨૦૨૨ |
| ૬૭૯ |  | સ્વ. વસંતકુમાર શકરચંદ દરજી | નારણપુરા | ૮૮ | સરઢવ | ૧૩૪ | ૦૩.૦૬.૨૦૨૨ | ૦૯.૦૬.૨૦૨૨ |

તા. ૨૯-૦૯-૨૦૨૧ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૮૦ |  | સ્વ. વીણાબેન કનુભાઇ દરજી | કુડાસણ | ૫૯ | ચિલોડા | ૪૧૮ | ૦૭.૦૬.૨૦૨૨ | ૧૨.૦૬.૨૦૨૨ |
| ૬૮૧ |  | સ્વ. સોમાભાઇ ગોવિંદભાઇ દરજી | જમીયતપુરા | ૮૦ | જમીયતપુરા | ૨૯૩ | ૨૦.૦૬.૨૦૨૨ | ૨૬.૦૬.૨૦૨૨ |
| ૬૮૨ |  | સ્વ. યોગેશભાઇ કનુભાઇ દરજી | અંબાવપુરા | ૪૨ | પાનસર | ૩૨૮ | ૨૨.૦૬.૨૦૨૨ | ૨૬.૦૬.૨૦૨૨ |
| ૬૮૩ |  | સ્વ. ગિરીશભાઇ ગબડદાસ દરજી | ત્રાગડ | ૬૮ | ઉનાવા | ૨૮૦ | ૧૧.૦૭.૨૦૨૨ | ૧૭.૦૭.૨૦૨૨ |
| ૬૮૪ |  | સ્વ. વિદ્યાબેન શકરચંદ દરજી | ચેનપુર | ૭૬ | ચેનપુર | ૨૮૬ | ૨૦.૦૭.૨૦૨૨ | ૨૪.૦૭.૨૦૨૨ |
| ૬૮૫ |  | સ્વ. સુશીલાબેન ગૌતમભાઇ દરજી | વેજલપુર | ૭૧ | મીઠાખળી | ૭૪ | ૩૦.૦૭.૨૦૨૨ | ૦૪.૦૮.૨૦૨૨ |
| ૬૮૬ |  | સ્વ. બચુભાઇ જીવતરામ દરજી | રાંધેજા | ૮૩ | રાંધેજા | ૩૯૦ | ૦૯.૦૮.૨૦૨૨ | ૧૪.૦૮.૨૦૨૨ |
| ૬૮૭ |  | સ્વ. સુભદ્રાબેન સોમાભાઇ દરજી | નરોડા | ૮૪ | નરોડા | ૪૭ | ૦૯.૦૮.૨૦૨૨ | ૧૪.૦૮.૨૦૨૨ |
| ૬૮૮ |  | સ્વ. પ્રેમીલાબેન જીવાભાઈ દરજી | વામજ | ૮૫ | વામજ | ૫૦૦ | ૦૨.૦૯.૨૦૨૨ | ૦૮.૦૯.૨૦૨૨ |
| ૬૮૯ |  | સ્વ. લક્ષ્મીબેન વસંતકુમાર દરજી | નારણપુરા | ૮૭ | સરઢવ | ૧૩૪ | ૦૮.૦૯.૨૦૨૨ | ૧૨.૦૯.૨૦૨૨ |
| ૬૯૦ |  | સ્વ. કુસુમબેન અશોકકુમાર દરજી | વેજલપુર | ૭૨ | ઝુંડાલ | ૭૬ | ૨૬.૧૧.૨૦૨૨ | ૨૭.૧૧.૨૦૨૨ |

તા. ૨૯-૦૯-૨૦૨૧ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૯૧ |  | સ્વ. પોપટલાલ હરિદાસ દરજી | નરોડા | ૮૪ | હાલીશા | ૩૭ | ૨૭.૧૧.૨૦૨૨ | ૦૧.૧૨.૨૦૨૨ |
| ૬૯૨ |  | સ્વ. પંકજભાઇ પોપટલાલ દરજી | ઘુમા | ૫૬ | ચાંદખેડા | ૨૬૦ | ૦૭.૧૨.૨૦૨૨ | ૧૧.૧૨.૨૦૨૨ |

**સંસ્થા સમાચાર : સ્વ. શ્રી ચીનુભાઇ દરજી બેતાલીસ કો.ઓ. ક્રેડીટ સોસાયટી કલોલની ૨૧મી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ**

ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૭-૨૦૨૨ના રોજ સત્યનારાયણ મંદિર હોલ - કલોલ મુકામે મળી હતી. એજન્ડા પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વ્યાજની જાહેરાત થઇ હતી. સંસ્થાની કામગીરીની એક નજર...



| | |
|---|---|
| ચેરમેન | : શ્રી સેંધાભાઇ એસ. દરજી |
| મેનેજીંગ ડીરેક્ટર | : શ્રી ખોડભાઇ એન. દરજી |
| આંતરીક ઓડીટર | : શ્રી મુકેશભાઇ. સી. દરજી |
| મેનેજર | : શ્રી કૌશલ પી. દરજી |
| એકાઉન્ટન્ટ/કેશીયર | : વનિતા પી. દરજી |

| | |
|---|---|
| કુલ નફો | રૂા. ૩,૬૩,૬૬૦ |
| કુલ સભાસદ | ૫૯૮ |
| શેર ભંડોળ | રૂા. ૨૯,૧૬,૦૦૦ |
| રીઝર્વ ફંડ | રૂા. ૭,૭૨,૦૬૩ |
| ફરજીયાત બચત | રૂા. ૯૪,૪૯,૧૩૫ |
| લોન ધિરાણ | રૂા. ૧,૭૨,૮૬,૭૩૪ |



**-: વ્યવસ્થાપક કમિટિ :-**

૧. શ્રી હર્ષદભાઇ એમ. દરજી
૨. શ્રી પરેશભાઇ એસ. દરજી
૩. શ્રી નટુભાઇ એ. દરજી
૪. શ્રી દિપકભાઇ જી. દરજી
૫. શ્રી પંકજભાઇ બી. દરજી
૬. શ્રી અલ્પેશભાઇ બી. વાઘેલા
૭. શ્રી મનુભાઇ કે. દરજી
૮. શ્રી શંભુભાઇ બી. દરજી
૯. શ્રી રાજુભાઇ કે. દરજી
૧૦. શ્રીમતી ભાવનાબેન ડી. દરજી
૧૧. ગં.સ્વ. અલકાબેન એસ. દરજી

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ માથાસુરના અને હાલ રાણીપ-અમદાવાદ મુકામે રહેતા સમાજના એક પ્રતિષ્ઠિત પરિવારનો પરિચય






આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મુખપત્રક એવા બેતાલીસ દીપક દ્વારા અપનાવવામાં આવેલ રાહ પ્રમાણે આપણે સમાયંતરે સમાજના કોઈ એવા પરિવારનો સંપૂર્ણ પરિચય આપીએ છીએ કે જે પરિવારે પોતાની મહેનત, ધગશ, હોંશિયારી, પ્રમાણિકતા અને આવડતના જોરે સમાજમાં એક પ્રતિષ્ઠિત કુટુંબ તરીકેની નામના મેળવી હોય. આજે આપણે વાત કરીએ છીએ મૂળ ગામ માથાસુરના અને હાલ નિર્ણયનગર મુકામે રહેતા સ્વ. મણીલાલ ઉમેદરામ દરજી પરિવારના એક સભ્યની.

સ્વર્ગસ્થ મણીલાલના જીવન અને તેમના જીવન સંઘર્ષ વિષે લખવું હોય તો સંપૂર્ણ પુસ્તક બને, જેથી સંક્ષિપ્તમાં તેમની જીવનગાથા જાણીએ. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના અગ્રણી અને કેળવણી મંડળના પૂર્વ સલાહકાર એવા સ્વ. મણીલાલે પોતાની જીંદગીમાં ઘણા ચઢાવ ઉતાર જોયા. જીવનની દરેક કસોટીમાં સફળતા સાથે પરિપક્વતા પ્રાપ્ત કરેલ હતી. માનવ સ્વભાવની પરખના એ પાકા ઝવેરી હતા. તેમના જીવનની કહાની આજના યુવાનો માટે દીવાદાંડી સમાન છે. પોતાની શરૂઆતની જીંદગીમાં જ સફળતા ના મળવાથી તેઓ કદી પણ હિંમત હાર્યા નહિ. પોતાના પરિવારના ભરણપોષણ માટે હિંમતભર્યો નિર્ણય લઈને આશરે ૨૫ વર્ષ ની ઉમરે પોતાનું પૈતૃક ગામ એવા માથાસુર માંથી વિદાય લઈને અમદાવાદ રાંચરડા મુકામે પરિવાર સહીત સ્થાઈ થયા અને તેને પોતાની કર્મભૂમિ બનાવી. પોતાના પરિવારના નિર્વાહ માટે તેઓશ્રી રાંચરડા ગામ ત્યાર બાદ માથાસુર વડસર અને છેલ્લે નિર્ણયનગર મુકામે સ્થાયી થયા.

અત્રે અમો આપ સૌને જણાવતા અત્યંત ધન્યતા અનુભવી એ છે કે આપણા સમાજમાં મૃત્યુ પછી દેહદાન કરનાર સ્વ. મણીલાલ પ્રથમ વ્યક્તિ છે. સમસ્ત સમાજની મૃત્યુ પછીની ધાર્મિક વિધિઓની માન્યતાઓને અવગણીને એક આધુનિક વ્યક્તિને છાજે તેવો નિર્ણય તેઓશ્રીએ ઘણા વર્ષો પહેલા લઈને દેહદાનનો નિશ્ચય કરેલ હતો. આજના આધુનિક જમાનામાં તબીબ ક્ષેત્રે વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસલક્ષી પ્રયોગો કરવા પોતાના દેહનું દાન કરવું એ કોઈ વિરલ વ્યક્તિ જ કરી શકે. આ પ્રસંગે તેમને અને તેમની આ ઈચ્છાને પૂરી કરનાર તમામ પરિવારજનોને ધન્યવાદ આપીએ છીએ.

સ્વ. મણીલાલ આપણા સમાજ અને સમાજના લોકો પ્રત્યે એક અલગ પ્રકાર નો પ્રેમભાવ ધરાવતા હતા. માનવ સ્વભાવની પરખના એ પાકા ઝવેરી હતા, સાચા હીરાને પારખવાની અદભૂત શક્તિ ધરાવનાર અને તેને યોગ્ય રીતે ઘડનાર કારીગર હતા. સમાજના દરેક પ્રસંગોમાં તેમનું અને તેમના પરિવારના સભ્યોનું દાન અને હાજરી અવશ્ય હોય જ. તેમના સમાજસેવાના આ ગુણધર્મને તેમના તમામ સંતાનોએ ખુબજ સરસ રીતે સાશ્વત કરેલ છે. તેમના મોટા દીકરા એવા શ્રી જયંતીભાઈ એ ઈ.સ. ૨૦૦૫ થી સમાજની કેળવણી મંડળની કારોબારીમાં જોડાઈને સમાજ સેવાનો ભેખ પહેરીને તન મન અને ધનથી સેવા આપી રહેલ હતાં. તેમની કાર્યદક્ષતા અને સમાજ પ્રત્યેની તેમની ભાવનાને કારણે તેઓશ્રીએ સામાજીક ક્ષેત્રે ખુબ જ કાર્યો કર્યાં.શ્રી જયંતીભાઈની આપણા સમાજ પ્રત્યેની જે લાગણી છે તે ખરેખર સ્વ. મણીલાલે પોતાના સંતાનો ને જે આધ્યાત્મિક અને સામાજિક સમરસતાના ગુણો ની શિક્ષા આપેલ છે તેની પ્રતીતિ છે. અત્રે આપણે ખાસ વાત કરીશું તેમના સૌથી મોટા સુપુત્ર જયંતીભાઈ મણીભાઈ દરજીની, તેમના પરિવારની અને તેમના પરિવારના જીવન સંઘર્ષની.

જ્યંતિભાઈ મણીભાઈ દરજી મૂળ ગામ માથાસુર અને છેલ્લા ૨૫ વર્ષથી પોતાની કર્મભૂમિ રાણીપ મુકામે સ્થાયી થયેલ જ્યંતિભાઈ મણીભાઈ દરજીનો પરિચય સમાજના ૪૨ દિપકમાં કોઈપણ રીતે લખીયે તો નાનો જ પડે પરંતુ આ વખતે એક સનીષ્ઠરૂપે તેમનો પરિચય આપવાનો પ્રયત્ન કરેલ છે.

મૂળ માથાસુરના વતની સ્વર્ગસ્થ મણીલાલ ઉમેદરામ અને સ્વર્ગસ્થ સવિતાબેન મણિલાલના સૌથી મોટા પુત્ર શ્રી જ્યંતિભાઈના લગ્ન ચિલોડા નિવાસી સ્વર્ગસ્થ લાલદાસના પુત્રી શ્રીમતી ઈન્દિરાબેન સાથે થયેલ છે. છેલ્લા ૨૫ વર્ષથી અમદાવાદના રાણીપ મુકામે જ પોતાનો બ્રાન્ડેડ રેડીમેઈડ ગારમેન્ટનો હોલસેલ બિઝનેસ ધરાવે છે. જ્યંતિભાઈ પોતાના અતિ વ્યસ્ત વ્યવસાય હોવા છતાં ભૂતકાળમાં  તેમની યુવા અવસ્થામાં તેમણે સૌપ્રથમ ૪૨ ગોળ દરજી કેળવણી મંડળમાં યુવાપાંખના પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારેલ અને જેમાં તેમણેસામાજીક કાર્યોના નિર્વાહન અને સ્પષ્ટ વક્તિત્વ તરીકે કામ કરેલ જે થકી સમાજની જૂની કારોબારી સમિતિએ કાર્યકારી પ્રમુખની જવાબદારીઓ સોંપેલ. જ્યારે જ્યારે સમાજને એક કર્તવ્યનીષ્ઠ અને નિષ્ઠાવાન કાર્યકર્તાની જરૂર પડી તો તેઓશ્રી ના માત્ર શારીરિક શ્રમ પરંતુ આર્થિક રીતે પણ ખુબ મદદગાર સમાજને બનેલ છે. સમાજની જૂની કારોબારીના હોદ્દેદારો અને નવી કારોબારીના સંકલનનુ કામ હોય તો તેનું પણ સ્પષ્ટ માર્ગદર્શન કરેલ છે. છેલ્લા દાયકામાં જ્યંતિભાઈએ સમાજમાં સહાયક થવા ઉપરાંત પણ વ્યવસાયિક ક્ષેત્રે પણ ખુબ પ્રગતિ કરી છે. એક સર્વ વ્યાપી કહેવત છે કે કોઈપણ પુરુષની પ્રગતિમાં મહત્વ નો ફાળો પત્નીનો હોય છે તેમ તેમના દાંમ્પત્ય જીવનમાં

શ્રીમતી ઈન્દીરાબેનનુ પણ મહત્વનુ યોગદાન છે. બીજા છેડે ઈન્દીરાબેન એ પણ બે પુત્રોના સંસ્કાર સિંચનમાં, પરિવારની ઉતરોતર પ્રગતિ કરવામાં કે મહેનત કરવામાં ક્યાંય પાછી પાની કરેલ નથી. જેના ફળ સ્વરૂપે જ્યંતિભાઈનું એક પ્રતિભાપૂર્ણ પરિવારનુ સમાજમાં સ્થાન છે જેનું સમાજને હરહંમેશ ગર્વ છે. ભૂતકાળ માં પણ કોઈપણ પ્રકારના સામાજીક કે આર્થિક પડકારો હોય કે પ્રતિકારો હોય તેમનો સામનો કરવાની હિંમત જ્યંતિભાઈ અને ઈન્દીરાબેનમાં ખુબજ સરસ છે અને જે સમાજના દરેક ઘર માટે પ્રેરણાદાયક છે.

ભાઈશ્રી જયંતીભાઈ અને ઈન્દીરાબેનને બે સંતાનો છે. મોટો પુત્ર ભાઈશ્રી વિશાલ અને નાનો પુત્ર ભાઈશ્રી સાહિલ. અગાઉ જણાવ્યું તેમ મોરના ઈંડાને ચીતરવા ના પડે તેમ શ્રી જયંતીભાઈના બંને પુત્રોએ પણ પોતાના દાદા એવા શ્રી મણીલાલ ઉમેદરામના સંસ્કારોને જાળવી રાખ્યા છે અને બંને પોત પોતાના કાર્યક્ષેત્રમાં ખુબ જ સફળ રીતે કાર્યરત છે.

તાજેતર માં જ્યંતિભાઈના મોટો પુત્ર વિશાલ ના લગ્ન મહેસાણામાં રહેતા ભાવિકાબેન સાથે અને નાના પુત્ર સાહીલના લગ્ન જામનગરમાં રહેતા પ્રિયંકાબેન સાથે થયેલ છે. મોટો પુત્ર વિશાલ શૈક્ષણિક રીતે ખુબજ તેજસ્વી અને સુશીલ છે અને અમદાવાદની ખ્યાતનામ IT company માં executive છે અત્રે ઉલ્લેખનીય છે કે આ બંને પ્રસંગો માં ભાઈશ્રી જયંતીભાઈ દ્વારા કેળવણી મંડળના પૂર્વ અને પ્રવર્તમાન હેદ્દેદારશ્રીઓને આમંત્રણ આપવામાં આવેલ.

શ્રી જયંતીભાઈનો નાનો પુત્ર સાહીલ પિતાની જેમજ ગારમેન્ટનો હોલસેલ માં બિઝનેસમેન છે. તેની માર્કેટિંગ સ્કીલ મુજબ જ ધંધાકીય ક્ષેત્રે સાહીલ ખુબ પ્રગતિ કરે અને મોટો પુત્ર વિશાલ પણ નોકરીમાં ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરે તેવી કેળવણી મંડળના દરેક હોદ્દેદારો હાર્દિક શુભકામના પાઠવે છે. જયારે જ્યંતિભાઈ અને ઈન્દીરાબેનને પણ તેમની મહેનત અને ધગશની ખુબજ સફળતાઓ મળે તે માટે અભિનંદન પાઠવે છે.

તા. ૦૯.૦૩.૨૦૨૨ ના રોજ સ્વ. મણીલાલની ચોથી પુણ્યતિથિ હતી તો તેમના સમસ્ત પરિવારજનો વતી અને કેળવણી મંડળ વતી તેમને હાર્દિક શ્રધાંજલિ અર્પણ કરીએ છીએ. સ્વ. શ્રી મણીલાલના સમગ્ર પરિવારે સમાજમાં એક આદર્શ કુટુંબનું દ્રષ્ટાંત પૂરું પડેલ છે. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ વતી આવા પરિવારનો પરિચય કરાવીને અમો ગૌરવ અનુભવીએ છીએ અને આ પરિવાર દ્વારા અપનાવેલ સમાજસેવાના ગુણો સમાજના તમામ પરિવારો અપનાવે તેવી અપેક્ષા અત્રે દર્શાવીએ છીએ.

**કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજીના નાના સુપુત્ર ભાઇશ્રી મેહુલ બિપીનચંદ્ર દરજીને પ્રતિષ્ઠિત રિલાયન્સ કંપનીમાં જનરલ મેનેજરનો ઉચ્ચ હોદ્દો મળવા બદલ ખુબ ખુબ અભિનંદન**



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તત્કાલીન આગેવાનો દ્વારા લગભગ ૩૭ વર્ષ પહેલા સમાજમાં કેળવણીને પ્રોત્સાહન આપવા અને અન્ય વિદ્યાલક્ષી અને સમાજલક્ષી કાર્યો કરવાના શુભ ઉદ્દેશ્યથી કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવેલ. આટલા વર્ષો પછી આપણે સૌ અનુભવીએ છીએ કે સમાજની કેળવણી મંડળના કાર્યોથી અભિભૂત સમસ્ત સમાજમાં કેળવણીલક્ષી જાગૃતતા આવેલ છે. આજના સમયમાં સમાજના ઘણા બધા દીકરા દીકરીઓ અભ્યાસ અર્થે વિદેશમાં સ્થાયી થયેલ છે તેમજ સમાજના ઘણા બધા યુવાનો પોતાના અભ્યાસ, હોશીયારી અને આવડતના જોરે સારી સારી કંપનીઓમાં જોબ કરી રહેલ છે.

હાલની કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજીને સંતાનોમાં ધવલ અને મેહુલ નામે બે પુત્રો છે. બંને પુત્રો હોનહાર છે. અને પોતપોતાના ક્ષેત્રમાં એક સફળ વ્યક્તિ તરીકેની નામના કમાઈ ચૂકેલ છે. નાનો ભાઈશ્રી મેહુલ હાલમાં જામનગર સ્થિત પ્રતિષ્ઠિત **રિલાયન્સ** કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે અને મોટો પુત્ર ભાઈશ્રી ધવલ કલોલ મુકામે **"રાજેશ્રી ટુર્સ અને ટ્રાવેલ્સ પ્રા.લી."** ના વ્યવસાયમાં કાર્યરત છે. તેમના પિતાશ્રી બિપીનચંદ્ર ઘણા વર્ષો થી **"વેક્ટસ"** કમ્પનીની ઓવર હેડ પાણીની ટાંકીઓની ડીસ્ટ્રીબ્યુશન એજન્સી ધરાવે છે. હાલમાં બંને ભાઈઓ એ ભાગીદારીમાં એક ઉચ્ચ સાહસ ખેડીને છત્રાલ મુકામે "ZEMDY PHARMA" નામની પ્રાઈવેટ લીમીટેડ કંપનીની સ્થાપના કરેલ છે.

હાલ આપણે શ્રી બિપીનચંદ્રના નાના પુત્ર ભાઈશ્રી મેહુલ વિષે વાત કરીશું. અગાઉ જણાવ્યું તેમ અત્યાર સુધી ભાઈશ્રી મેહુલ જામનગર સ્થિત પ્રતિષ્ઠિત રિલાયન્સ કંપનીમાં સિનીયર મેનેજરના ઉચ્ચ હોદ્દા પર કાર્યરત હતા પરંતુ તેમની હોશીયારી, મહેનત, કામ પ્રત્યેની લગન અને નિષ્ઠા જોઈને કંપની મેનેજમેન્ટ દ્વારા તેમને પ્લાન્ટના જનરલ મેનેજર તરીકેની બઢતી આપવામાં આવેલ છે. આપણા સમાજનો કોઈ સભ્ય આવી પ્રતિષ્ઠિત કંપનીમાં આટલા ઉચ્ચ હોદ્દા પર હોય તે આપણા સમસ્ત સમાજ માટે ગર્વની વાત છે. કેળવણી મંડળ વતી ભાઈશ્રી મેહુલ બિપીનચંદ્રની આ પ્રગતિને બિરદાવવામાં આવે છે અને તેઓશ્રી ભવિષ્યમાં પણ હજુ પોતાની કારકિર્દીમાં સતત પ્રગતિ કરતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઈશ્રી મેહુલના ધર્મપત્ની શ્રીમતી નિધી મેહુલભાઈ દરજી પણ પોતાના પતિના દરેક કાર્યમાં ઉત્સાહથી પોતાનો સાથ આપે છે. ભાઈશ્રી મેહુલ અને શ્રીમતી નિધી ને જૈમિત અને જૈનિત નામે બે જોડિયા સંતાનો છે અને સમસ્ત પરિવાર ખુબ આનંદથી પોતાનું જીવન વ્યતિત કરી રહેલ છે. ભાઈશ્રી મેહુલને સમાજના અન્ય યુવાનોના પ્રેરણા સ્ત્રોત બનવા બદલ કેળવણી મંડળ ફરીથી તેને હાર્દિક અભિનંદન પાઠવે છે.

**મૂળ ગામ જેઠલજના હાલ નરોડા નિવાસી**
**શ્રી નીતિનભાઇ બાબુભાઇનો સુપુત્ર ચિ. જય**
**ઉચ્ચ અભ્યાસ અર્થે કેનેડા રવાના**



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ જેઠલજના અને હાલ નરોડા નિવાસી શ્રી બાબુભાઈ છનાલાલ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી દક્ષાબેન તેમજ તેમના સમગ્ર પરિવારનો પરિચય જાણીએ તો આપણા સમાજની દરેક વ્યક્તિ ભાઈશ્રી બાબુભાઈને એક નિઃસ્વાર્થ અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાંશ્રી બાબુભાઈ છનાલાલ પરિવારનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. ભાઈશ્રી બાબુભાઈએ પોતાના પરિવારના દરેક સભ્યોના જીવન ઘડતર માટે જે મહેનત કરી છે અને તેના ફળ સ્વરૂપ તેમનો પરિવાર આજે જે સ્થાન ઉપર છે તેનો ઉલ્લેખ અવશ્ય કરવો ઘટે.

અહિયાં તેમના પૌત્ર એટલે કે તેમના પુત્રશ્રી નીતીનકુમારના સુપુત્ર એવા ભાઈશ્રી જયના જીવન વિષે જાણીશું. શ્રી નીતિનભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભુમીકાબેનને સંતાનો માં એક દીકરો ભાઈશ્રી જય અને એક દીકરી કુ. ક્રિષ એમ બે સંતાન છે. નીતિનભાઈ અને ભૂમિકાબેને પોતાના સંતાનોના અભ્યાસને લઈને આજીવન ખુબજ મહેનત કરી અને તેમનામાં ઉચ્ચ સંસ્કારોની સાથે સાથે ઉચ્ચ શિક્ષણનું પણ સિંચન કર્યું. જ્ઞાનની દેવી માં સરસ્વતીની આ પરિવાર ઉપર અપાર કૃપા છે જેને લઈને આ પરિવારના તમામ સદસ્યો વિદ્યાક્ષેત્રે ખુબજ આગળ છે. ચિ.જય નો જન્મ તા. ૨૮.૦૩.૨૦૦૩ ના રોજ ઘાટલોડિયા મુકામે થયો. ભાઈશ્રી જય નાનપણથી જ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતો અને પોતાના જીવનમાં પોતાના માટે અને પોતાના પરિવાર માટે કઈ કરી છૂટવાની પ્રબળ ભાવના હતી. વર્ષ ૨૦૧૮ માં ધો ૧૦ નો અભ્યાસ ૯૪% માર્ક્સ સાથે પાસ કરીને વર્ષ ૨૦૨૦ માં ધો ૧૨ નો અભ્યાસ ૭૪% માર્ક્સ સાથે પૂર્ણ કર્યો. અતિ મુશ્કિલ ગણાતી ILETS નો એક્ઝામ 7 બેન્ડ સાથે પાસ કરી. ભાઈશ્રી જયે પોતાના માતા પિતા, ભાઈ, દાદા દાદી તેમજ સમગ્ર પરિવારના ભવિષ્યને લક્ષ્યમાં લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો એક હિંમતભર્યો નિર્ણય લીધો અને કેનેડા મુકામે B.SC. (બાયોલોજી)ના અભ્યાસ માટે અરજી કરી. ભગવાને તેમના આ નિર્ણયમાં સાથ આપ્યો અને તેઓશ્રીને કેનેડાના બ્રિટીશ કોલંબિયા સ્ટેટમાં કેમલુંપ્સ ટાઉનમાં આવેલ થોમ્પસન યુનિવર્સીટીમાં એડમિશન મળી ગયું અને તે અન્વયે કેનેડા સરકાર દ્વારા વિઝા આપવામાં આવ્યા અને તેઓશ્રીએ ઉચ્ચ અભ્યાસ અર્થે તા.૩૧.૦૮.૨૦૨૨ ના રોજ કેનેડા મુકામે પ્રયાણ કર્યું.


શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ચિ.જયના નિર્ણયને બિરદાવે છીએ. ઉચ્ચ અભ્યાસ અર્થે તેમના વિદેશગમન નિમિત્તે સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ વતી ભાઈશ્રી જય, તેમના માતા પિતા ભાઈશ્રી નીતિનભાઈ અને શ્રીમતી ભુમીકાબેન, અને તેમના દાદા દાદીશ્રી છનાભાઈ અને શ્રીમતી દક્ષાબેન તેમજ સમગ્ર પરિવારની કેળવણી મંડળના હોદ્દેદારો દ્વારા રૂબરૂ મુલાકાત લઈને હાર્દિક અભિનંદન પાઠવેલ અને તેમનો આ અભ્યાસ ખુબજ સરસ રીતે પૂર્ણ થાય અને તેઓશ્રી પોતાના જીવનમાં સફળતાના ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરે તેવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવેલ.

**સમાજની દીકરીઓની**
**અભ્યાસ ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી**



મૂળ ગામ ઝુલાસણના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા શ્રી જસવંતભાઈ શાંતિભાઈ દરજી અને શ્રીમતી દક્ષાબેન જશવંતભાઈ દરજીની સુપુત્રી કુ. હેમા નાનપણથી જ અભ્યાસમાં ખુબ તેજ છે. તેના માતા પિતાએ તેને અભ્યાસ માટે ખુબ પ્રોત્સાહિત કરેલ છે અને જરૂરી તમામ સગવડો પૂરી પાડેલ. કુ. હેમા એ ધોરણ ૧૨ ની પરીક્ષા ૭૬% ગુણ સાથે પાસ કરેલ છે અને ત્યારબાદ બેચલર ઓફ આર્ટસમાં અર્થશાસ્ત્રના વિષય સાથે ૨૦૨૧-૨૨ માં ૮૦.૦૭% ડીસ્ટીક્શન માર્ક્સ સાથે પાસ કરીને હાલ ગાંધીનગર મુકામે અર્થશાસ્ત્રના વિષય સાથે MA કરી રહેલ છે. કેળવણી મંડળનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં વાલીઓ પોતાના સંતાનોના અભ્યાસ અર્થે સજાગ બને તે અર્થે આવી હોશિયાર વિદ્યાર્થીનીને અત્રે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**૩૧મી પૂણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલિ...**



સ્વ. સુધાબેન અમૃતલાલ દરજી
(છત્રાલવાળા)
**સ્વર્ગવાસ તા. ૦૮-૦૯-૧૯૯૧**

**॥ સૌજન્ય ॥**

**દરજી પિયુષ અમૃતલાલ** **દરજી વિધાન પિયુષકુમાર**
**દરજી અમિતા પિયુષકુમાર** **દરજી હેત્વી પિયુષકુમાર**




**ઠાસરાની આપણા સમાજની દીકરી ધોરણ ૧૦ માં સમગ્ર તાલુકામાં ટોપર**






મૂળ ગામ ઝુંડાલના અને હાલ ઠાસરા મુકામે રહેતા શ્રી સચિનભાઈ ગોવિંદલાલ દરજી અને શ્રીમતી તેજલબેન સચિનભાઈ દરજીની સુપુત્રી કુ. ધ્રુમી અભ્યાસ ક્ષેત્રે ખુબ હોંશિયાર છે. તેના માતા પિતાએ તેને અભ્યાસ માટે ખુબ પ્રોત્સાહિત કરેલ છે અને જરૂરી તમામ સગવડો પૂરી પાડેલ છે. કુ. ધ્રુમીએ હાલમાં જ લેવાયેલ વર્ષ ૨૦૨૧-૨૨ ની ધોરણ ૧૦ ની પરીક્ષા ૯૫% ગુણ અને ૯૯.૭૮ Parsentail સાથે પાસ કરીને સમગ્ર નડિયાદ તાલુકામાં ટોપર બનેલ છે. ઉલ્લેખનીય છે કે કુ. ધ્રુમીએ ગત વર્ષે ધોરણ ૯ ની પરીક્ષા ૮૯% સાથે પાસ કરેલ છે. કુ. ધ્રુમી અભ્યાસ ક્ષેત્રે ખુબ ઉજ્વળ કારકિર્દી ધરાવે છે અને તે પોતાના ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવીને પોતાના માતાપિતા અને સમાજનું નામ રોશન કરે તેવી લાગણી અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**કેળવણી મંડળના હાલના કાર્યકારી પ્રમુખ મૂળ કલોલના અને હાલ ચાંદલોડિયા રહેતા શ્રી દીપકભાઇ કનુભાઇ દરજી અને શ્રીમતી નિશાબેન દીપકભાઈ દરજીના પરિવારમાં કુળદીપક ચિ. શિવના આગમનથી ખુશીનો માહોલ**






શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના હાલના કાર્યકારી પ્રમુખ શ્રી દીપકભાઈ કનુભાઈ એક અતિ ઉત્સાહી અને સાહસિક યુવાન છે. અત્રે ઉલ્લેખનીય છે કે પોતાની ધંધાકીય વ્યસ્તતા વચ્ચે પણ તેઓ સમાજસેવાના કોઈપણ કાર્યમાં અગ્રેસર રહે છે. હાલ તેમના પરિવારમાં કુળદીપક એવા ચિ. શિવ નો જન્મ તા.૨૯.૦૯.૨૦૨૨ ના રોજ થતા સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી જન્મી છે. ભાઈ શ્રી દીપકભાઈ અને શ્રીમતી નિશાબેનના ઘરે કુ. હિયા અને કુ. રેયા જેવી બે લક્ષ્મીરુપી દીકરીઓ છે. અત્રે દાદા-દાદી શ્રી કનુભાઈ – શ્રીમતી મંજુલાબેન અને માતા-પિતા શ્રી દીપકભાઈ-શ્રીમતી નિશાબેનને અભિનંદન આપવામાં આવે છે અને ચિ. શિવના સુખી ભવિષ્ય જીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

**મૂળ ગામ ઓગણજના અને હાલ ચાંદલોડિયા મુકામે રહેતા શ્રી સચિનભાઇ દીપકભાઇના પરિવારમાં લક્ષ્મીરૂપી પુત્રી કુ. નવ્યાના આગમનથી હર્ષોલ્લાસ**







શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના કારોબારી સભ્ય અને એક પ્રતિષ્ઠિત વ્યક્તિ એવાશ્રી દીપકભાઈ ગાંડાભાઈના સુપુત્ર ભાઈશ્રી સચીનભાઈ દીપકભાઈના ઘરે તા. ૧૦.૧૦.૨૦૨૧ ના રોજ લક્ષ્મીરૂપી પુત્રીનું આગમન થયું. શ્રી દીપકભાઈ ગાંડાલાલ દરજી અને શ્રીમતી હેમલતાબેન દીપકભાઈ દરજી ના સુપુત્ર શ્રી સચીનભાઈ દીપકભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી નેહલબેન સચીનભાઈના ઘરે કુ. નવ્યાના જન્મથી સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી ફેલાઈ. કેળવણી મંડળ દ્વારા દાદા શ્રી દીપકભાઈ, દાદી શ્રીમતી હેમલતાબેન અને માતા-પિતા શ્રી સચીનભાઈ-શ્રીમતી નેહલબેનને આ તબક્કે અભિનંદન આપવામાં આવે છે અને કુ. નવ્યાના સુખી ભવિષ્ય જીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

**કેળવણી મંડળના પૂર્વ કારોબારી સભ્ય ચાંદલોડિયાના શ્રી વિનોદભાઇ ડાહ્યાભાઇ દરજીના સુપુત્ર ભાઇશ્રી હાર્દિક અને રીપલબેનના પરિવારમાં કુળદીપક ચિ. વિહાનના આગમનથી ખુશીનો માહોલ**







આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી સમાજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિ અને કેળવણી મંડળના પૂર્વ કારોબારી સભ્ય એવાશ્રી વિનોદભાઈ ડાહ્યાભાઈના પુત્ર ભાઈશ્રી હાર્દિક અને તેમના ધર્મપત્ની શ્રીમતી રીપલબેનના પરિવારમાં કુળદિપક એવા ચિ. વિહાનનો જન્મ તા.૩૦.૦૮.૨૦૨૧ ના રોજ થતા સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી જન્મી છે. ભાઈશ્રી હાર્દિકભાઈ અને શ્રીમતી રીપલબેનના ઘરે કુ. આર્વી અને કુ. મૈષા જેવી બે લક્ષ્મીરુપી દીકરીઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર પરિવાર સમાજસેવાના કાર્ય અગ્રેસર છે. શ્રી વિનોદભાઈ ડાહ્યાભાઈ ઘણા વર્ષો સુધી કેળવણી મંડળના કારોબારી સભ્ય અને સક્રિય કાર્યકર તરીકે કાર્ય કરેલ છે. અત્રે દાદા-દાદી શ્રી વિનોદભાઈ – શ્રીમતી હસુમતીબેન, નાના-નાની શ્રી કિરીટભાઈ – શ્રીમતી નીતાબેન અને માતા-પિતા શ્રી હાર્દિકભાઈ-શ્રીમતી રીપલબેનને અભિનંદન આપવામાં આવે છે અને ચિ. વિહાનના સુખી ભવિષ્ય જીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

**કેળવણી મંડળના મુખ્ય કાર્યકારી પ્રમુખશ્રી ગોવિંદભાઇ ચંદુલાલ દરજીના ઘરે બાબા સમર્થના જન્મથી ખુશીનો માહોલ. અને પુત્ર વિશાલનું નોકરીમાં પ્રમોશન.**





શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના હાલના મુખ્ય કાર્યકારી પ્રમુખશ્રી ગોવિંદભાઈ ચંદુભાઈ દરજી અને શ્રીમતી કૈલાસબેન ગોવિંદભાઈના સુપુત્રશ્રી ભાઈ વિશાલ ગોવિંદભાઈ એક અતિ ઉત્સાહી અને હોંશિયાર યુવાન છે. તેઓશ્રી સુરત મુકામે **ક્રિભકો** કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે પોતાની ફરજ બજાવે છે. હાલ તેમના પરિવારમાં કુળદીપક એવા ચિ. સમર્થનો જન્મ તા. ૧૨.૧૧.૨૦૨૧ ના રોજ થતા સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી જન્મી છે. અત્રે દાદા-દાદી શ્રી ગોવિંદભાઈ ચંદુભાઈ – શ્રીમતી કૈલાસબેન ગોવિંદભાઈ, નાના-નાની નવીનચંદ્ર નટવરલાલ – શ્રીમતી ગીતાબેન નવીનચંદ્ર અને માતા-પિતા શ્રી વિશાલભાઈ-શ્રીમતી મયુરીબેનને અભિનંદન આપવામાં આવે છે અને ચિ. સમર્થના સુખી ભવિષ્ય જીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે માનનીય શ્રી ગોવિંદલાલના સુપુત્ર વિશાલ કે જે હાલ સુધીમાં સુરતની પ્રખ્યાત ક્રીભકો કંપનીમાં સિનિયર એન્જીનીયર (મિકેનીકલ)ની પોસ્ટ પર કામકરી રહેલ હતાં. તેમના કામ પ્રત્યેની લગન, ધગશ, મહેનત અને હોશીયારી જોઈને કંપની મેનેજમેન્ટ દ્વારા તેમને હાલમાં આસીસ્ટન્ટ મેનેજરની પોસ્ટનું પ્રમોશન આપવામાં આવેલ છે. તો પરિવારના નવા આગંતુક એવા ચિ. સમર્થના પગલા ખૂબજ ભાગ્યશાળી છે. આ તબક્કે કેળવણી મંડળ ફરીથી ચિ. વિશાલને પોતાની વ્યવસાયિક સફળતા અને કુળદિપકના આગમન બદલ અભિનંદન પાઠવે છે.


**મૂળ ગામ છત્રાલના અને હાલ કલોલ મુકામે રહેતા કેળવણી મંડળના કારોબારી સભ્યશ્રી દિલિપભાઇ મંગળદાસના પરિવારમાં કુળદિપક ચિ. દિવ્યના આગમનથી હર્ષોલ્લાસ**





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના કારોબારી સભ્ય અને એક પ્રતિષ્ઠિત વ્યક્તિ એવાશ્રી દિલીપભાઈ મંગળદાસના સુપુત્ર ભાઈશ્રી પાર્થભાઈ દિલીપભાઈના ઘરે તા. ૦૯-૧૦-૨૦૨૨ ના રોજ કુળદિપક એવા પુત્રનું આગમન થયું. શ્રી દિલીપભાઈ મંગળદાસ દરજી અને શ્રીમતી ભાવનાબેન દિલીપભાઈ દરજી ના સુપુત્ર શ્રી પાર્થભાઈ દિલીપભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી રજનીબેન પાર્થભાઈના ઘરે ચિ. દિવ્યના જન્મથી સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી ફેલાઈ. કેળવણી મંડળ દ્વારા દાદા શ્રી દિલીપભાઈ, દાદી શ્રીમતી ભાવનાબેન અને માતા-પિતા શ્રી પાર્થભાઈ-શ્રીમતી રજનીબેનને અને કાકા મિહીર દિલીપભાઈને આ તબક્કે અભિનંદન આપવામાં આવે છે અને ચિ. દિવ્યના સુખી ભવિષ્ય જીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

**આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઇ દરજી ક્રેડીટ સોસાયટીની સમાજ સેવા ક્ષેત્રે ઉત્તમ કાર્ય**

આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ.શ્રી ચીનુભાઈ દરજી કો.ઓ.સોસાયટી ઈ.સ. ૨૦૦૧ થી આપણા સમાજના સભ્યોને નાણાકીય રીતે સ્વનિર્ભર કરવાના ઉમદા હેતુ સાથે કાર્યરત છે. સાથ સહકાર સેવા અને શિસ્તના ઉમદા ગુણો વિકસાવતી આપણા સમાજની આ સેવાભાવી સંસ્થામાં આ સંસ્થાને ઉભી કરવામાં પોતાનું યોગદાન આપનાર વડીલ શ્રી સેંધાભાઈ શકરાભાઈની સંસ્થાના ચેરમેન તરીકે અને શ્રી ખોડીદાસ નારણદાસ મેનેજીંગ ડીરેક્ટર તરીકે કાર્યરત છે. આ બંને મહાનુભાવોનો અનુભવ અને સ્વચ્છ વહીવટને હિસાબે આ સંસ્થા દર વર્ષે ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રહેલ છે. સમાજની આ સંસ્થા ભલે નાણાકીય છે પણ તેની સ્થાપનાનું મૂળ તેના સ્વપ્નદ્રષ્ટા એવા સ્વ. શ્રી ચીનુભાઈ જીવણલાલ દરજીના સ્વપ્ન અનુસાર ફક્ત અને ફક્ત સમાજના લોકોની સેવા કરવાનું જ છે. સમાજનો દરેક નાગરિક આ સંસ્થા થકી નાણાકીય રીતે આત્મનિર્ભર બને અને પોતાની કોઈ પણ આર્થિક જરૂરિયાતમાં એકદમ ઓછા વ્યાજે તેને નાણાકીય ધિરાણ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આ સંસ્થાનું સંચાલન કરવામાં આવી રહેલ છે.

હાલમાં જ તા.૧૭.૦૭.૨૦૨૨ રવિવાર ના રોજ ક્રેડીટ સોસાયટીની સાધારણ સભા મળી અને આ સાધારણ સભામાં સોસાયટીની પ્રગતિનો અહેવાલ રજુ કરવામાં આવ્યો. એ અહેવાલના મુખ્ય અંશો જોઈએ તો ૫૯૮ સભ્યો નું સભાબળ, ૨૯.૧૬ લાખ રૂપિયાનું શેર ભંડોળ, ૯૪.૪૯ લાખ રૂપિયાની ફરજીયાત બચત,૧.૭૨ કરોડ રૂપિયાનું લોન ધિરાણ, લોન ધિરાણ પર કપાત વ્યાજ ફક્ત ૧૧% વાર્ષિક, બચત અને એફડી પર ૭% વ્યાજ , ૭% ડીવીડન્ડ અને રૂા.૩.૬૩ લાખનો નફો. આ આંકડા જ કોઈ પણ નાણાકીય સંસ્થાની સદ્ધરતાનો પુરાવો છે. કેળવણી મંડળ તરફથી આ સંસ્થાના ચેરમેન શ્રી સેંધાભાઈ, મેનેજીંગ ડીરેક્ટર શ્રી ખોડીદાસ, તમામ ડીરેક્ટરોશ્રીઓ, મેનેજર શ્રી કૌશલભાઈ અને એકાઉન્ટન્ટ શ્રીમતી વનીતાબેનને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ આપવામાં આવે છે અને આ સંસ્થા ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે તેવી આશા રાખીએ છીએ.

**ઉનાવા મુકામે શ્રી જક્ષણી માતાજીની નીશ્રામાં તા. ૧૬.૦૨.૨૦૨૨ ના રોજ ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું**





